dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-08 | AD-2026, Bhadarva Vad-13 | Thursday, Dt. 08-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ફેબ્રુઆરી ૨૦૨૩ પછી પ્રથમ વખત વ્યાજદરમાં વધારો : MPCનો સર્વાનુમતે નિર્ણય

# RBIએ રેપો રેટ ૦.૨૫% વધારી ૫.૫% કર્યો

મુંબઈ, તા. ૭

દેશમાં મજબૂત આર્થિક પ્રવૃત્તિ વચ્ચે વધતા ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ કડક નાણાકીય નીતિનો સંકેત આપ્યો છે. RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની ત્રણ દિવસીય બેઠક બાદ બુધવારે જાહેર કરાયેલા નિર્ણય મુજબ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ એટલે કે ૦.૨૫ ટકાનો વધારો કરીને તેને ૫.૫ ટકા કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૩ પછી વ્યાજદરમાં આ પ્રથમ વધારો છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં મળેલી MPCની બેઠકમાં તમામ છ સભ્યોએ રેપો રેટ વધારવાના નિર્ણયને સર્વાનુમતે સમર્થન આપ્યું હતું. RBIએ પોતાની નાણાકીય નીતિનું વલણ પણ 'કેલિબ્રેટેડ કડકાઈ' તરફ બદલ્યું છે. આ નિર્ણયથી નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડાની શક્યતા ઓછી હોવાનું સ્પષ્ટ થયું છે. હવે આગળના તબક્કામાં RBI દરમાં વધુ વધારો કરી શકે અથવા વર્તમાન સ્તરે તેને સ્થિર રાખી શકે છે.

નિર્ણયની જાહેરાત કરતાં ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય નીતિનું વલણ બદલવામાં આવ્યું છે અને હાલના સંજોગોમાં વ્યાજદરમાં ઘટાડો કરવાનો વિકલ્પ મર્યાદિત છે. આગામી નિર્ણય બદલાતી મેક્રોઈકોનોમિક પરિસ્થિતિ, આર્થિક વૃદ્ધિ અને ફુગાવાના સમીકરણને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે. RBIએ



ભારતીય અર્થતંત્રની મજબૂત સ્થિતિને ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે GDP વૃદ્ધિનું અનુમાન ૪૦ બેસિસ પોઈન્ટ વધારીને ૭.૧ ટકા કર્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ભારતીય અર્થતંત્ર મજબૂત અને સ્થિતિસ્થાપક હોવાનું ગવર્નરે જણાવ્યું હતું. બીજી તરફ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફુગાવાનો અંદાજ થોડો વધારીને ૫.૨ ટકા કરવામાં આવ્યો છે. ગવર્નરે બેંક ક્રેડિટ વૃદ્ધિ મજબૂત રહેવાની આશા વ્યક્ત કરી હતી. બેંકિંગ વ્યવસ્થામાં ઊંચી તરલતા હોવા છતાં નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (NBFC)ની સંપત્તિ ગુણવત્તાને લઈને હાલ કોઈ મોટી ચિંતા ન હોવાનું તેમણે જણાવ્યું હતું. FCNR(B) યોજનાને મળેલો પ્રતિસાદ દેશના મજબૂત મેક્રોઈકોનોમિક મૂળભૂત તત્ત્વોને દર્શાવે છે. બેંકો આ ભંડોળનો સમજદારીપૂર્વક ઉપયોગ કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. બાહ્ય પરિબળોને કારણે મૂડી પ્રવાહમાં ઘટાડો થયો હોવાનું જણાવતાં ગવર્નરે તેને કામચલાઉ સ્થિતિ ગણાવી હતી. ચાલુ ખાતા પરનું દબાણ પણ અસ્થાયી હોવાનું તેમણે જણાવ્યું હતું અને ટૂંક સમયમાં દેશનું ચૂકવણી સંતુલન ફરી સરપ્લસમાં આવવાની આશા વ્યક્ત કરી હતી. UPI વ્યવહારો પર લાદવામાં આવતી નાની ફી અંગે પણ ગવર્નરે જણાવ્યું હતું કે તેની અસર UPI વ્યવહારોના જથ્થા પર ખાસ નહીં પડે. આગામી MPC બેઠક ૨થી ૪ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. RBIના તાજેતરના નિર્ણયથી ફુગાવાને અંકુશમાં રાખવાની તેની પ્રતિબધ્ધતા સ્પષ્ટ થઈ છે, જ્યારે મજબૂત GDP વૃદ્ધિના અંદાજે ભારતીય અર્થતંત્રના મજબૂત પાયાને પણ ઉજાગર કર્યો છે.

## ટીકાકારોએ મને મારી અંદર જોવાનું શીખવ્યું, દરેક કટોકટીએ ધીરજની કસોટી કરી: પીએમ મોદી

નવી દિલ્હી, તા.૦૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાયેલા 'સેવા જ્યોતિ' કાર્યક્રમને સંબોધતા પોતાના જાહેર જીવનની સફરને યાદ કરી હતી. તેમણે કહ્યું કે ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારે ક્યારેય વિચાર્યું નહોતું કે તેઓ આ મુકામ સુધી પહોંચશે. પીએમ મોદીએ જણાવ્યું કે તેમના જીવનમાં મળેલી દરેક વ્યક્તિ અને ઘટનાએ તેમને કંઈક શીખવ્યું છે.



જીત અપાવનાર લોકોએ નમ્ર બનવાનું, જ્યારે મુશ્કેલીઓ અને પતનના પ્રસંગોએ ફરી ઊભા થવાનું શીખવ્યું. શુભેચ્છકોએ પ્રોત્સાહન આપ્યું, જ્યારે ટીકાકારોએ તેમને પોતાની અંદર જોવાનું શીખવ્યું. વિરોધીઓએ લોકશાહીની શક્તિ સમજાવી અને દરેક કટોકટીએ તેમની ધીરજની કસોટી કરી. તેમણે કહ્યું કે દેશના લોકો અને કાર્યકરોનો વિશ્વાસ તેમની સૌથી મોટી તાકાત છે.

અનેક વિધાનસભા અને લોકસભા ચૂંટણીઓમાં લોકોએ તેમને સેવા કરવાની તક આપી છે. તેમણે ભારતના લોકશાહી અને બંધારણને સલામ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે દેશે તેમને ઘણું આપ્યું છે, તેથી દેશ પ્રત્યે તેમની જવાબદારી પણ એટલી જ મોટી છે. જાહેર જીવનના ૨૫ વર્ષનો અનુભવ અને લોકોનો વિશ્વાસ માત્ર તેમની વ્યક્તિગત સંપત્તિ નથી, પરંતુ સમગ્ર દેશની સંપત્તિ છે.

વડનગરના વિદ્યાર્થી જીવનને યાદ કરતાં તેમણે કહ્યું કે શીખવાની ઉત્સુકતા આજે પણ તેમના જીવનનો હિસ્સો છે અને તેઓ પોતાને હજી પણ વિદ્યાર્થી માને છે. તેમણે ૨૦૪૭ સુધી ભારતને નવી ઊંચાઈએ લઈ જવા માટે 'આપણે તે કરીશું'ના સંકલ્પ સાથે આગળ વધવાનો સંદેશ આપ્યો.

## આકાશવાણી ભવનમાં પ્રવેશ મામલે રાહુલ-પ્રિયંકા ગાંધી સામે એફઆઈઆર

નવી દિલ્હી, તા.૦૭

દિલ્હી પોલીસે મંગળવારે યોજાયેલા INDIA બ્લોકના વિરોધ પ્રદર્શન દરમિયાન આકાશવાણી ભવન પરિસરમાં પરવાનગી વિના પ્રવેશ કરવા બદલ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અન્ય નેતાઓ સામે એફઆઈઆર નોંધી છે. પોલીસને મળેલી ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. મંગળવારે INDIA બ્લોકના અનેક વિપક્ષી સાંસદોએ સંસદથી ચૂંટણી પંચના કાર્યાલય સુધી કૂચ કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે સંસદ માર્ગ નજીક કૂચ અટકાવી હતી. ત્યારબાદ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને અન્ય કોંગ્રેસ નેતાઓ આકાશવાણી ભવન પરિસરમાં પહોંચ્યા અને ત્યાં ધરણા શરૂ કર્યા હતા. વિપક્ષી નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. આકાશવાણી ભવનમાં ધરણા દરમિયાન રાહુલ ગાંધી અને અન્ય નેતાઓએ ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મુલાકાત થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો.






## ભુટાનના વડાપ્રધાન ટોબગેએ પીએમ મોદીને 'ભગવાન વિષ્ણુના અવતાર' ગણાવ્યા

નવી દિલ્હી, તા.૦૭

ભુટાનના વડાપ્રધાન શેરિંગ ટોબગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાહેર સેવામાં ૨૫ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવતાં તેમની પ્રશંસા કરી છે. ટોબગેએ એક પત્રમાં મોદીને પોતાના 'મોટા ભાઈ' ગણાવ્યા હતા અને તેમને 'ભગવાન વિષ્ણુનો અવતાર' ગણાવ્યા હતા.

ટોબગેએ ૨૭ જુલાઈ, ૨૦૧૯ના રોજ દિલ્હીમાં પીએમ મોદી સાથે થયેલી મુલાકાતને યાદ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તે સમયે તેમની પાર્ટી



ભૂટાનની ચૂંટણી હારી ગઈ હતી અને તેઓ ન તો વડાપ્રધાન હતા કે ન તો સાંસદ. તેઓ એક સામાન્ય નાગરિક તરીકે મોદીને મળ્યા હતા અને અગાઉ મળેલા સહયોગ બદલ તેમનો આભાર માન્યો હતો.

ટોબગેએ લખ્યું કે તેમણે મોદીને કહ્યું હતું કે તેઓ હંમેશા તેમના મોટા ભાઈ રહેશે, કારણ કે મોદીએ નાના ભાઈ પ્રત્યે મોટા ભાઈ જેવો પ્રેમ અને સ્નેહ દર્શાવ્યો હતો. ત્યારબાદ તેમણે મોદીને વિષ્ણુનો અવતાર માનતા હોવાનું જણાવ્યું હતું. ટોબગેએ સમજાવ્યું કે તેમના પ્રદેશમાં જ્ઞાની અને ન્યાયી શાસકોને આવા સન્માનથી જોવાની પરંપરા રહી છે.

ટોબગેએ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના લગભગ ૧૩ વર્ષના કાર્યકાળનો ઉલ્લેખ કરતાં વિકાસ, માળખાગત સુવિધા, રોકાણ અને અમલીકરણ ક્ષેત્રે થયેલી કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે મોદીએ આ દૃષ્ટિકોણને રાષ્ટ્રીય સ્તરે પણ આગળ ધપાવ્યો છે.

ભુટાનના વડાપ્રધાને મોદીને શિસ્તબધ્ધ, ઊર્જાવાન અને અસાધારણ રીતે મહેનતુ જાહેર સેવક ગણાવતાં કહ્યું કે દેશ અને નાગરિકોની સેવા પ્રત્યેનું તેમનું સમર્પણ પ્રેરણાદાયી છે.










**સરકારના વિવિધ વિભાગોની ગ્રામજનોને માહિતી આપવામાં આવી**

# ખાંભાના ભાણીયા ગામે સેવા સેતુ ૨.૧ નું આયોજન

ખાંભા,તા.૦૭

ખાંભા તાલુકાના ગીરકાંઠે આવેલ ભાણીયા ગામે સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય)નું આયોજન કલેકટર વિકલ્પ ભારદ્વાજ તેમજ ધારાસભ્ય જે.વી. કાકડીયાની અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

આ તકે કલેકટર દ્વારા સરકાર તમારા દ્વારેના હેતુથી છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓનો લાભ મળે તે માટે વિવિધ વિભાગોની માહિતી આપવામાં આવી હતી. ધારાસભ્ય દ્વારા ભાણીયા ગામમાં ધોરણ ૮ થી ૧૦ ની મંજૂરી તેમજ સૌની યોજનાની મંજૂરી સહિતના વિકાસ કામોની માહિતી



આપવામાં આવી હતી. પ્રાંત અધિકારી અર્પણ ચાવડા દ્વારા સેવા સેતુનો હેતુ સમજાવી ભાણીયા ગામમાં શાળાએ જવા માટે પોતાની ગ્રાન્ટમાંથી રૂ.૫ લાખનો સીસી રોડ મંજુર કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં અરવિંદભાઈ ચાવડા, મુકેશભાઈ માંગરોળીયા, આનંદભાઈ ભટ્ટ, શિવલાલ સુદાણી સહિત અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં વિવિધ કામોની રજૂઆત કરાઈ**

# દિવાળી અને નવા વર્ષે મહુવા-સુરત વચ્ચે દૈનિક વિશેષ ટ્રેન દોડાવવા માંગ

**અમરેલીના સાંસદ ભરત સુતરિયાએ કેન્દ્રીય રેલ મંત્રીને પત્ર લખી રજૂઆત કરી**

અમરેલી,તા.૦૭

અમરેલી લોકસભા ક્ષેત્રના સાંસદ ભરત સુતરિયાએ કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખીને દીપાવલી અને નવા વર્ષના તહેવારો દરમિયાન મહુવા-સુરત તથા સુરત-મહુવા વચ્ચે દૈનિક સીધી વિશેષ ટ્રેન સેવા શરૂ



કરવાની માંગ કરી છે. આ પત્રમાં ભરત સુતરીયાએ જણાવ્યું છે કે, સુરતમાં નોકરી અને વ્યવસાય અર્થે વસતા અમરેલી જિલ્લાના વિવિધ ગામો અને શહેરોના મોટી સંખ્યામાં નાગરિકો તહેવારોમાં વતન આવે છે. તહેવારોના સમયમાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાથી હાલની રેલવે અને અન્ય પરિવહન સેવાઓ પર ભારે દબાણ રહે છે, અને ટિકિટ મેળવવામાં તેમજ મુસાફરીમાં અનેક મુશ્કેલીઓ પડે છે. તેથી તા. ૦૧-૧૧-૨૦૨૬ થી ૧૫-૧૧-૨૦૨૬ સુધી આ વિશેષ ટ્રેન દોડાવવા તેમણે ભલામણ કરી છે.

# અમરેલીના પૂર્વ સાંસદ વિરજી ઠુંમરના નિધનથી શોક

**કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સહકારી ક્ષેત્રે પણ આપી હતી સેવા,સદ્‌ગતની સ્મશાનયાત્રામાં રાજકીય, સામાજિક અગ્રણીઓ જોડાયા**

અમરેલી,તા.૦૭



અમરેલીના પૂર્વ સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિરજી ઠુંમરનું અમરેલી ખાતે નિધન થયું છે. તેઓ છેલ્લા ઘણા સમયથી બીમાર હતા અને પોતાના ગામમાં રહી સારવાર લઈ રહ્યા હતા. વિરજી ઠુંમરની અંતિમયાત્રા સાંજે પાંચ વાગ્યે અમરેલી ખાતે તેમના નિવાસસ્થાનેથી નિકળી હતી. અંતિમયાત્રામાં રાજકીય અને સામાજિક અગ્રણીઓ જોડાયા હતા. વિરજી ઠુંમરે રાજકીય ક્ષેત્ર ઉપરાંત વિવિધ સહકારી સંસ્થાઓમાં પણ મહત્વની સેવા આપી હતી. કોંગ્રેસના સંગઠન અને સ્થાનિક રાજકારણમાં લાંબા સમયથી સક્રિય રહેલા ઠુંમરની આક્રમક રાજકીય શૈલીને કારણે તેમની અલગ ઓળખ ઉભી થઈ હતી. તેઓ ત્રણ ટર્મ ધારાસભ્ય અને એક ટર્મ સાંસદ રહ્યા હતા. પુત્રી જેનીબેન ઠુંમરે અશ્રુભરી આંખે પિતા વિરજીભાઈ ઠુંમરની અર્થીને કાંધ આપી હતી. સ્વ. વિરજીભાઈ ઠુંમરની અંતિમ યાત્રામાં અમરેલી સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી રાજકિય અને સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા નાગરિક બેંકના ૧૫ સભ્યો બિનહરીફ ચૂંટાયા

બગસરા તા. ૦૭

બગસરા નાગરિક સહકારી બેંકમાં બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણીમાં ૧૫ સભ્યો બિનહરીફ ચૂંટાયા હતા. તા.૧૬ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી ૧૫ સભ્યોની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં તમામ સભ્યો બિનહરીફ ચૂંટાયા હતા. પાંચ દાયકા જૂની આ સહકારી સંસ્થાની બોર્ડ ઓફ



તસવીર : હાર્દિક બામટા

ડિરેક્ટર્સની બેઠકમાં ચેરમેન પદે વિઠ્ઠલભાઈ હીરાણી અને વાઈસ ચેરમેન પદે જયંતીભાઈ ખાંદલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બિનહરીફ ચૂંટણી થતાં ડિરેક્ટરો અને સ્ટાફ દ્વારા હારતોરા કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. બેંકની વિવિધ માહિતી મેનેજર શીતલબેન ડોબરીયા દ્વારા આપવામાં આવી હતી. નવનિયુક્ત ચેરમેન અને વાઈસ ચેરમેનને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

તેમના નેતૃત્વ હેઠળ બેંક વિકાસ અને વિશ્વાસની નવી ઊંચાઈઓ સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવાઈ હતી.

# વડિયાના પશુ દવાખાનાની મંજૂરીને પાંચ વર્ષ વીત્યા, હજુ જમીન સંપાદનનું ઠેકાણું નહી

અમરેલી,તા.૦૭

વડિયા તાલુકા મથકે પાંચ વર્ષ અગાઉ મંજૂર થયેલા પશુ દવાખાનાના નિર્માણ માટે હજુ સુધી જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. વડિયાના બરવાળા રોડ પર આઈટીઆઈ સામેની જગ્યાએ પશુ દવાખાનું બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પરંતુ વર્ષો વીતી જવા છતાં જમીન સંપાદનનું પ્રકરણ પૂર્ણ થતું નથી. નવાઈની વાત એ છે કે તત્કાલીન નાયબ મુખ્ય દંડક તથા વર્તમાન રાજ્યકક્ષાના મંત્રીએ સ્થળ નિરીક્ષણ કર્યાને પણ ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. તેમ છતાં પશુપાલકોને અધ્યતન પશુ દવાખાનાની સુવિધા મળી નથી. વિકસિત અને ડીઝીટલ ગુજરાતમાં સરકારી કામગીરી આંગળીના ટેરવે થતી હોવાના દાવા વચ્ચે એક પશુ દવાખાના માટે પાંચ વર્ષથી વધુ સમય લાગતા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. જમીન સંપાદનમાં વિલંબ માટે જવાબદાર કોણ અને કાર્યવાહી ક્યારે થશે તે ચર્ચાનો વિષય બન્યો છે. તટસ્થ તપાસ કરી ઝડપી કાર્યવાહી સાથે દવાખાનું બનાવવાની લોકમાંગ ઉઠી છે.

# ગજેરા કેમ્પસમા 'વેલકમ નવરાત્રી'ની ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૦૭

અમરેલી ખાતે ગજેરા કેમ્પસના ક્રિકેટ સ્ટેડિયમમાં 'વેલકમ નવરાત્રી-૨૦૨૬'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને માતાજીની આરતીથી થયો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફે ઉત્સાહભેર ગરબા રમ્યા હતા. પ્રસંગે જિલ્લા






ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રાંત અધિકારી જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા વતી મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ઘરથી દુર રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરિવાર જેવી હૂંફ અને તહેવારની ખુશી મળે તે હેતુથી આયોજન કરાયુ હતું. વિદ્યાર્થીઓ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ 'જય માતાજી'ના જયઘોષ સાથે ગરબે ઘુમ્યા હતા.

# સા.કુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલમાં ૩૦૮ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ

સાવરકુંડલા,તા.૦૭



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ-૯ની ૩૦૮ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરવામાં આવ્યું હતું.

નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા તથા મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાના હસ્તે સાયકલ અપાઈ હતી. આચાર્યા ઉષાબેન તેરૈયાએ શુભેચ્છા પાઠવી હતી. સાયકલ મળતા વિદ્યાર્થીનીઓમાં આનંદ જોવા મળ્યો હતો.

# રામપરા-૨ અને ઉચૈયા ગામના ખેડૂતોનું રાજુલા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર

રાજુલા,તા.૦૭

રાજુલા તાલુકાના રામપરા-૨ અને ઉચૈયા ગામના ખેડૂતો તથા ગ્રામજનોએ વિવિધ માંગણીઓ સાથે રાજુલા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. વર્ષ ૧૯૯૯માં ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડને પાવર પ્રોજેક્ટ માટે ખેડૂતોની જમીન આપવામાં આવી હતી. પરંતુ ૨૭ વર્ષનો



તસવીર : ગોપાલ રાઠોડ

સમય વીતી જવા છતાં હજુ સુધી પાવર પ્લાન્ટનું કામ શરૂ કરવામાં આવ્યું નથી. જેથી ખેડૂતો દ્વારા પોતાની જમીન પરત આપવાની માંગ કરવામાં આવી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ હાલ જમીન પર કોઈ પ્રોજેક્ટનું કામ ન હોવાથી મોટા પ્રમાણમાં ગાંડા બાવળનું જંગલ ઉગી નીકળ્યું છે, જેના કારણે પર્યાવરણને પણ નુકસાન થઈ રહ્યું છે. કંપની પાવર પ્રોજેક્ટ શરૂ કરે તો ખેડૂતોને કોઈ વાંધો નથી, પરંતુ પ્રોજેક્ટ શરૂ થાય તો સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોને નિયમ મુજબ રોજગારીની તકો આપવી જોઈએ તેવી માંગ કરી હતી.

# રાજુલા શહેરની પટેલ સમાજની વાડી ખાતે જાદુગર ચુડાસમાનું સન્માન કરવામાં આવ્યુ

રાજુલા, તા.૦૭



રાજુલા શહેરની પટેલ સમાજની વાડી ખાતે છેલ્લા કેટલાક દિવસોથી જાદુગર ચુડાસમા દ્વારા બાળકો અને વિદ્યાર્થીઓ માટે જાદુના કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ શાળાના બાળકોએ કાર્યક્રમનો લાભ લીધો હતો. જાદુના પ્રયોગો સાથે બાળકોને મનોરંજન અને જ્ઞાન આપવાનો પ્રયાસ કરાયો હતો. અંતિમ દિવસે વેપારીઓ અને અગ્રણીઓ દ્વારા જાદુગર ચુડાસમાનું પ્રમાણપત્ર અને શાલ અર્પણ કરી સન્માન કરાયુ હતું. ઉપસ્થિત સૌએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.










# કુંકાવાવમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલો ઝડપાઈ, આરોપી પોલીસ પકડથી દૂર

**પોલીસે રૂા.૧૧,૦૮૮નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા**



અમરેલી,તા.૦૭

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલા ની રાહબરી હેઠળ ટીમ વડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી હકીકત આધારે મોટી કુંકાવાવ ગામે રેઈડ કરવામાં આવી. રેઈડ દરમિયાન રોયલ સ્ટેગ વ્હિસ્કીની ૭૫૦ એમ.એલ.ની ૮ બોટલ તથા ૧૮૦ એમ.એલ.ની ૪૦ બોટલ મળી કુલ ૪૮ બોટલ કિં.રૂ.૧૧,૦૮૮/- નો મુદ્દામાલ મળ્યો હતો.આરોપી યોગીરાજભાઈ ભીખુભાઈ જેબલીયા હાજર ન મળતા તેમની વિરુધ્ધ પ્રોહી. ધારા તળે કાર્યવાહી કરી, મુદ્દામાલ વડીયા પોલીસ સ્ટેશનને સોંપાયો હતો. કામગીરીમાં પો.સ.ઈ. એમ. ડી.ગોહિલ, જે.ડી.વાઘેલા, એ.એસ.આઈ. હરેશસિંહ પરમાર તથા હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા જોડાયા હતા.

# ખાંભા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનું શૈક્ષણિક અધિવેશન યોજાયું, શિક્ષકોના પ્રશ્નોનો ઉકેલ લાવવા હાકલ

ખાંભા, તા.૦૭



ખાંભા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પ્રજાપતિ જ્ઞાતિ વાડી ખાતે શૈક્ષણિક અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિવેશનમાં શિક્ષણ, શિક્ષકોના પ્રશ્નો તથા સંગઠનની એકતા અને મજબૂતી અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી જૈમીનભાઈ પટેલ અને ખજાનચી મહેન્દ્રભાઈ વિંછીયા ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ તારપરા સહિતના આગેવાનો તથા જિલ્લા અને તાલુકા કક્ષાના હોદ્દેદારો હાજર રહ્યા હતા. દિગ્વિજયસિંહ જાડેજાએ શિક્ષકોના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે સંગઠિત પ્રયાસો કરવા અને એકતા જાળવવા હાકલ કરી હતી. તાલુકાના મોટી સંખ્યામાં શિક્ષકોની હાજરીથી અધિવેશનમાં સંગઠનશક્તિનો પરિચય થયો હતો. અંતે પ્રમુખ નિલેશભાઈ ઉનાગર અને મંત્રી વિનોદભાઈ ગાજીપરાએ સૌનો આભાર માન્યો હતો.

# બાબાપુર ખાતે શેત્રુંજી નદી કાંઠે માનવ-સિંહ સહજીવન વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૭



રામ મઢી આશ્રમ બાબાપુર ખાતે વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ દ્વારા વિઠ્ઠલપુર માધ્યમિક શાળા, જનતા વિદ્યાલય વડેરા અને સરંભડાના વિદ્યાર્થીઓ માટે 'શેત્રુંજી નદીકાંઠામાં માનવ અને સિંહ સહજીવન' વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લઈ માનવ-સિંહના સહજીવન દર્શાવતા ચિત્રો દોર્યા હતા. સુરેશભાઈ નાકરાણીએ વન્યજીવન અંગે માહિતી આપી હતી. ACF રાજ પટોળીયા અને RFO વત્સલ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ ત્રણ વિજેતાઓનું સન્માન તથા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાયા હતા.

# રાજ્યકક્ષાની U-17 બેઝબોલ સ્પર્ધામાં સાવરકુંડલા ગુરુકુળની વિદ્યાર્થીનીઓએ દ્વિતીય સ્થાન મેળવ્યું

અમરેલી,તા.૦૭

**૭૦મી અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન બદલ સર્વત્ર અભિનંદન**




કચ્છ-ભુજના માધાપર મુકામે યોજાયેલ ૭૦મી અખિલ ભારતીય શાળાકીય U-17 બેઝબોલ (બહેનો) રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલાની ટીમ-બહેનોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવી સમગ્ર રાજ્યમાં દ્વિતીય (બીજો) નંબર પ્રાપ્ત કરીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે.

આ સફળતા બદલ ગુરુકુળના વડા ભગવતપ્રસાદ દાસજી સ્વામી, પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી, મેનેજિંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત સ્વામીજી, અમરેલી જિલ્લા રમત-ગમત અધિકારી પૂનમબેન અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. આ સાથે ગુજરાત બેઝબોલ ફેડરેશનના હોદ્દેદારો તેમજ શાળાના આચાર્ય અને કોચ ઝાલા દિગ્વિજયસિંહ તથા વાળા દીપકભાઈ સહિત સમગ્ર સ્ટાફે પણ ટીમને અભિનંદન પાઠવ્યા છે.

# સા.કુંડલામાં મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિની ઉજવણી

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલામાં મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ તથા મહાત્મા ગાંધીજી ધર્મશાળા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં પ્રાર્થના, ગાંધીગીતો અને દીપ પ્રાગટ્ય કરાયા હતા. રમઝાનભાઈ હસણીયાએ 'યાત્રા મોહનથી મહાત્મા' વિષય પર પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે ત્રણ નવા પ્રકલ્પોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યુ હતું.

# ICAમાં પુન:નિમણૂંક બાદ હર્ષ સંઘાણીનું તપોવન આશ્રમમાં ભવ્ય સ્વાગત કરાયું

અમરેલી,તા.૦૭



પનામા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કો.-ઓપરેટીવ એલાઈન્સ (ICA)ની વૈશ્વિક યુવા સમિતિના અધ્યક્ષ તરીકે પુનઃપદભાર સંભાળ્યા બાદ હર્ષ મુકેશભાઈ સંઘાણીનું અમરેલી આગમન થતા સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ ખાતેના તપેશ્વર મહાદેવના દર્શન કરીને સંસ્થાના નિવાસી તપસ્વિઓના આર્શીવાદ મેળવ્યા હતા. તેમનું તપસ્વિઓ અને સંસ્થાના સ્ટાફ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ભારતના યુવા પ્રતિનિધિ તરીકે વૈશ્વિક સ્તરે યુવા સમિતિમાં તેમની પુનઃનિયકિત અદભુત નેતૃત્વ ક્ષમતાઓ અને અનુભવોના કારણે શકય બન્યુ છે.

# સા.કુંડલામાં 'નો પ્લાસ્ટિક' જાગૃતિ અભિયાન, કાપડની થેલીનું વિતરણ

અમરેલી,તા.૦૭



સાવરકુંડલાના જેસર રોડ પર આવેલ સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા નગરને પ્લાસ્ટિકમુક્ત બનાવવાના સંકલ્પ સાથે 'નો પ્લાસ્ટિક' જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ગુરુકુળના વિદ્યાર્થીઓએ શાક માર્કેટમાં જઈ નાગરિકોને પ્લાસ્ટિકથી થતા નુકસાન અંગે સમજ આપી હતી. તેમજ પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે કાપડની સીવેલી થેલીઓનું નિઃશુલ્ક વિતરણ કર્યુ હતું. લોકો શાકભાજી લેવા જાય ત્યારે ઘરેથી કાપડની થેલી સાથે લઈ જવા અપીલ કરી હતી.

# ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે ભૂલથી ઝેરી દવા પી લેતાં પ્રૌઢાનું મોત

ખાંભા,તા.૦૭

ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે ભૂલથી ઝેરી દવા પી લેતાં એક પ્રૌઢાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ અંગે સુરેશભાઈ હરિભાઈ મારૂ (ઉં.વ.૩૦)એ પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ, જયાબેન હરિભાઈ મારૂ (ઉં.વ.૬૦) નામના પ્રૌઢા છેલ્લા ઘણા વર્ષોથી માનસિક બીમારીથી પીડાતા હતા. દરમિયાન તેમણે ઉધરસની દવાની બાજુમાં જ પડેલી ખડ બાળવાની ઝેરી દવા ભૂલથી પી લીધી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવની જાણ પોલીસને કરવામાં આવતા ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ધાંધળ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અવસાન નોંધ

**પાંચતલાવડા**

રાજકીય/સહકારી અગ્રણી સુરેશભાઈ ખુમાણના ભાઈના પુત્ર અજયભાઈ વિક્રમભાઈ ખુમાણ (ઉં.વ.૩૦)નું તા. ૦૬ને મંગળવારે અવસાન થયેલ છે.

**રાજકોટ**

ગં..સ્વ. સુશીલાબેન ધીરજલાલ જામવેચા (ઉ.વ. ૮૧) તે જયેશભાઈ અને અલ્કેશભાઈના માતાનું તા.૬ના અવસાન થયું છે. પ્રાર્થના સભા તા.૮ના ગુરુવારે બપોરે ૪ થી ૬ દરમિયાન શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક મેઈન રોડ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવી છે. ધોરાજીવાળા ધીનોજા પરિવારની પીયર પક્ષની સાડડી પણ સાથે જ રાખવામાં આવી છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવૉલિટી | વ્યાજબી કિંમત






અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


# અમરેલીમાં રેલવે અને એરપોર્ટની માંગણીને લઈ સાંસદને રજૂઆત

અમરેલી,તા.૦૭



અમરેલી જિલ્લાના લોકોની લાંબા સમયથી પડતર માંગણીઓ બાબતે અમરેલી મિશન બ્રોડગેજ સમિતિ તથા અમરેલી જિલ્લા વિકાસ સમિતિ દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સમિતિના પ્રમુખ રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું કે અમરેલીમાં બ્રોડગેજની કામગીરી અંતર્ગત ટેસ્ટીંગ પુરૂ થયા બાદ પાટા કાઢી નાખવામાં આવ્યા છે. જમીન સંપાદન કરવામાં આવી હતી પરંતુ તે જમીનનો ઉપયોગ કર્યા વગર બીજી જમીનમાં કામ શરૂ કરવામાં આવ્યું છે, જેથી કામગીરી લાંબા સમયથી પુરી થતી નથી. માર્ચ મહિનામાં સેવા શરૂ થવાની હતી છતાં હજુ સુધી શરૂ થઈ નથી. અમરેલીથી મીટર ગેજ સેવા માત્ર છ મહિના માટે બંધ કરવામાં આવી હતી, પરંતુ દોઢ વર્ષ વીતી ગયા છતાં ટ્રેન શરૂ થઈ નથી. વેરાવળ અને જુનાગઢ તરફની ટ્રેનો ચલાલા સુધી ટ્રેક તૈયાર હોવાથી તાત્કાલિક શરૂ કરવા માંગ છે. અમરેલી સ્ટેશન વર્ષોથી બંધ હાલતમાં હોવાથી તેને ફરી ધમધમતું કરવા પણ કહેવામાં આવ્યું છે. અમરેલીથી અમદાવાદ દૈનિક ટ્રેન તથા વેરાવળ-હરિદ્વાર ટ્રેન અમરેલીમાંથી ચલાવી ચિતલ, લાઠી અને વડિયામાં સ્ટોપ આપવા પણ રજૂઆત કરાઈ છે. ચિતલ રોડ પરના એરપોર્ટની જગ્યા નાની હોવાથી વિકાસ શક્ય નથી. તેથી શહેરથી યોગ્ય અંતરે મોટા વિમાનો ઉતરી શકે તેવું નવું એરપોર્ટ બનાવી સુરત, અમદાવાદ, મુંબઈ અને દિલ્હી માટે સીધી ઉડાન શરૂ કરવાની માંગણી કરાઈ છે.સમિતિએ જણાવ્યું કે પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો આગામી ચુંટણીમાં લોકોનો અસંતોષ રાજકીય મુદ્દો બની શકે છે તેમ પત્રના અંતમાં જણાવાયુ છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં

**-:જાહેર નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૫૩/૨૦૨૬

**અરજદારશ્રી:-** શ્રી ઈન્દુબેન પ્રવીણભાઈ સોલંકી,
રે.હનુમાન ખીજડીયા, તા.વડીયા, જી.અમરેલી.
મો. ૯૨૬૫૦ ૪૦૦૫૫

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી હનુમાન ખીજડીયા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ઈન્દુબેન પ્રવીણભાઈ સોલંકીએ તેમના પુત્ર નરેશનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૫ ના રોજ મુ.હનુમાન ખીજડીયા, તા વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

# લીલીયાના ક્રાકચ ગામે સોલાર લોન કરાવી આપવાના બહાને પોસ્ટમેન સાથે છેતરપિંડી

**સુરતના બે શખ્સો સામે ફરિયાદ નોંધાઈ**

લીલીયા,તા.૦૭

લીલીયા તાલુકાના ક્રાકચ ગામે સોલાર લોન કરાવી આપવાના બહાને પોસ્ટમેન તથા અન્ય લોકો સાથે રૂ. ૪.૮૯ લાખથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે સુરતના બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.વિગત મુજબ, ક્રાકચ ગામે પોસ્ટમેન તરીકે નોકરી કરતા બાબુલાલ ચીમનલાલ જોષી (ઉં.વ.૬૦)એ સુરત ખાતે રહેતા ભાવેશભાઈ વલ્લભભાઈ બારૈયા તથા અક્ષયકુમાર કિશોરભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી ભાવેશભાઈ બારૈયાએ બાબુલાલ જોષી તથા સાક્ષીઓને ઘરે સોલાર રૂફટોપ લગાવી આપવાનો વિશ્વાસ આપ્યો હતો. તેણે ફરિયાદી અને સાક્ષીઓના બેંક એકાઉન્ટમાં સોલાર માટે લોન મંજૂર કરાવી હતી. ત્યારબાદ લોનની કુલ રૂ. ૪,૮૯,૬૦૦ની રકમ પોતે જે કંપનીમાં એજન્ટ તરીકે કામ કરતો હતો તેના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.રકમ મેળવ્યા બાદ સોલાર લગાવવાનું કામ પૂરું ન કરી ખોટા વાયદાઓ આપ્યા હતા. તેમજ સોલાર કંપનીના માલિક અક્ષયકુમાર કિશોરભાઈ પટેલે પણ સોલારનું કામ ન કરી આપી ખોટા વાયદા આપી ફરિયાદી તથા સાક્ષીઓ સાથે કુલ રૂ. ૪,૮૯,૬૦૦ની છેતરપિંડી આચરી હતી.આ બનાવ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં ધારાસભ્ય મહેશ કસવાલાએ ખાદીની ખરીદી કરી

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલામાં ગાંધી જયંતિના પાવન અવસરે ધારાસભ્ય મહેશ કસવાલાએ ખાદી ભંડારની મુલાકાત લઈ ખાદીની ખરીદી કરી હતી.

આ પ્રસંગે ભાજપના સ્થાનિક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ જણાવ્યું કે ગાંધીજીનું સ્વદેશીનું સ્વપ્ન આજે આત્મનિર્ભર ભારત સાથે આગળ વધી રહ્યું છે. સ્થાનિક કારીગરો અને ગૃહઉદ્યોગોને આર્થિક ટેકો મળે તે માટે સૌએ સ્વદેશી વસ્તુઓ ખરીદવી જોઈએ અને ‘વોકલ ફોર લોકલ’ને વધુ પ્રોત્સાહન આપવુ જોઈએ.

**ગાંધી જયંતિ નિમિત્તે ‘વોકલ ફોર લોકલ’નો સંદેશ આપી સ્વદેશી વસ્તુઓ અપનાવવા અપીલ**

# લાઠીના અકાળા ગામે મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી

**મોટાભાઈએ નાના ભાઈની પત્ની સામે ફરિયાદ નોંધાવી**

લાઠી,તા.૦૭

લાઠીના અકાળા ગામે આવેલા એક રહેણાંક મકાનમાંથી સોનાની બુટી અને ચાંદીના કંદોરા સહિતના દાગીનાની ચોરી થઈ હતી. આ અંગે ચંદુભાઈ કાનજીભાઈ પંચાસરા (ઉં.વ.૩૪)એ આશાબેન ધમાભાઈ પંચાસરા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના નાના ભાઈની પત્ની આશાબેન ધમાભાઈ પંચાસરાએ ઘરમાંથી સોનાની બે બુટી, ચાંદીના છડા અને કંદોરો મળી કુલ રૂ.૩૧,૦૦૦ની ચોરી કરી હતી. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરાના નડાળા ગામે સેવા સેતુ કાર્યક્રમમાં એક જ સ્થળેથી વિવિધ સેવાઓનો લાભ મળ્યો

બાબરા, તા.૦૭



બાબરા તાલુકાના નડાળા ગામે જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ તેમજ સેવાઓનો લાભ એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો, જેનો સ્થાનિક લોકોએ બહોળો લાભ લીધો હતો. આ તકે જિલ્લા પંચાયત સદસ્ય શિલ્પાબેન કલકાણી, રાણપરના સરપંચ પરેશભાઈ સોલંકી, તાલુકા પંચાયત સદસ્ય કનુભાઈ ગેવરીયા, અશ્વિનભાઈ સાકરીયા તેમજ નડાળાના સરપંચ હિતેશભાઈ કલકાણી સહિતના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનો દ્વારા વિવિધ પ્રશ્નો તેમજ રજૂઆતો કરવામાં આવી હતી, જેનું તાલુકા વિકાસ અધિકારી હસમુખભાઈ બાવળીયા દ્વારા સ્થળ પર જ યોગ્ય નિરાકરણ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમરેલી શહેરમાં પત્ની સાથે ફોનમાં રકઝક બાદ પતિએ ગળાફાંસો ખાધો

અમરેલી,તા.૦૭

અમરેલીમાં પત્ની સાથે ફોન પર બોલાચાલી થયા બાદ યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. બનાવ સંદર્ભે કમલેશભાઈ કનુભાઈ પોકળ (ઉં.વ.૪૮) એ પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ, જસ્મીનભાઈ જીતેન્દ્રભાઈ ચોરવાડીયા (ઉં.વ.૩૦)ના પત્ની તેમના પિયરમાં હતા. તે દરમિયાન પતિ-પત્ની વચ્ચે ફોન પર કોઈ કારણોસર રકઝક થઈ હતી. આ બાબતથી મનદુઃખ અનુભવી જસ્મીનભાઈએ ઘરમાં પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એસ. બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલામાં બેંક ખાતામાંથી OTP વગર રૂ. ૫૧ હજાર ઉપડી ગયા

**યુપીના ખાતાધારક સામે ફરિયાદ**

રાજુલા,તા.૦૭

રાજુલામાં સાયબર ક્રાઈમની એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં અજાણ્યા શખ્સ દ્વારા ફરિયાદીનો મોબાઈલ ફોન તેમની જાણ બહાર ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરીને હેક કરવામાં આવ્યો હતો.આ અંગે મૂળ બિહારના અને હાલ રાજુલામાં રહેતા હરીચંદ્રરામ બહાદુર પંડિત (ઉં.વ.૪૪) એ ઉત્તર પ્રદેશના લખનૌ ખાતે રહેતા બેંક ખાતાધારક રાજેશકુમાર માઈકુલાલ સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીનો મોબાઈલ હેક કર્યા બાદ તેમની જાણ બહાર તેમજ કોઈપણ પ્રકારના OTP વગર તેમના બેંક ખાતામાંથી રૂ. ૫૧,૪૧૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. આ રકમ આરોપી રાજેશકુમાર માઈકુલાલ (રહે. જેહતા, લખનૌ, ઉત્તર પ્રદેશ)ના બેંક ખાતામાં જમા થઈ હતી. આ બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના પી. આઈ. વી. એમ. કાલોદરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલા-મહુવા રેલવે સેકશનમાં અંડરબ્રિજની કામગીરી શરૂ થતા વૈકલ્પિક રૂટનું જાહેરનામું બહાર પડાયું

રાજુલા,તા.૦૭

રાજુલા-મહુવા રેલવે સેકશન વચ્ચે આવેલા લેવલ ક્રોસિંગ નંબર ૧૧૨૭ (કિ.મી. ૧૦૭/૧-૨) ખાતે રોડ અંડરબ્રિજનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરી દરમિયાન વિસ્તારમાં વાહનવ્યવહારની સુચારુ અને સુરક્ષિત વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.તમામ ભારે વાહનોએ રાજ્ય ધોરીમાર્ગ નંબર ૨૧ ના આસરાણા ક્રોસ રોડ અને પીપાવાવ થઈને મોટા આસરાણા-નેસવડ-દાતરડી-પીપાવાવ રોડ પરથી પસાર થવાનું રહેશે.કાર અને દ્વિચક્રી જેવા નાના વાહનો માટે રેલવે ફાટક નંબર ૧૧૨૭ ની ડાબી બાજુએ ૫૦૦ મીટરના અંતરે આવેલા ‘ત્રણ નાળા‘ અંડરબ્રિજ પરથી પસાર થવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.આ જાહેરનામું ૨૩ માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં રહેશે.

# અમરેલી જિલ્લામાં બે સ્થળેથી ઈંગ્લિશ દારૂની ૨૫ બોટલ ઝડપાઈ

**પાંચ મહિલાઓ સહિત 33 લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો**

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને ઈંગ્લિશ દારૂની કુલ ૭૩ બોટલ જપ્ત કરી હતી. ટીંબી ચેકપોસ્ટ પરથી ભાવનગરનો એક યુવક દારૂની એક બોટલ સાથે ઝડપાયો હતો. જ્યારે સાવરકુંડલામાં ભૂવા રોડ બાયપાસ ચોકડી પાસેથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. આ ઉપરાંત પોલીસે ત્રણેય સ્થળેથી મળીને કુલ રૂ. ૧૨,૮૮૩નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બીજી તરફ, જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૫ મહિલાઓ સહિત ૩૩ લોકો પાસેથી પાસ-પરમિટ વગરનો પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. સાવરકુંડલાના વણોટ ગામે બુટવાવાળા નેવડાની વિસ્તારમાં આવેલી ઘાણો નદીના કિનારેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. આ સિવાય જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૧૨ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા ઝડપાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૦૮-૧૦-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૧૭,
સૂર્યાસ્ત-૦૫:૫૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૦૮-૧૦-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઇ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઇ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો,

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઇ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઇ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

# ગરણી ધામ ખાતે મહાત્મા દેશળપીર બાપાની પુણ્યતિથિ મહોત્સવ ઉજવાશે, વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

બાબરા, તા.૦૭



બાબરા તાલુકાના ગરણી ગામે આવેલી સુપ્રસિધ્ધ દેશળપીર બાપાની જગ્યા ખાતે મહાત્મા દેશળપીર બાપાની પરંપરાગત પુણ્યતિથિ મહોત્સવનું આયોજન આગામી ભાદરવા વદ તેરસ, તા. ૦૮-૧૦-૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. આ નિમિત્તે વહેલી સવારે મહાપૂજા, સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન ધ્વજારોહણ અને સવારે ૭:૩૦ થી બપોરે ૧:૩૦ સુધી આચાર્ય સુરેશભાઈ જાની તેમજ પ્રકાશભાઈ જોષીના આચાર્યપદે વિષ્ણુયજ્ઞ યોજાશે. બપોરે ૧૨:૦૦ થી સાંજે ૭:૩૦ સુધી મહાપ્રસાદ યોજાશે, જેના યજમાનપદે રાજકોટનો ચાવડા પરિવાર (કૃષ્ણ ડેરી ફાર્મ) અને સમઢીયાળાનો દેસાણી પરિવાર રહેશે. રાત્રે સાવરકુંડલા માનવમંદિરના ભક્તિરામ બાપુ ધર્મ સંદેશ આપશે અને ત્યારબાદ લલિતાબેન ઘોડાદ્રા, બાબુભાઈ આહિર, ભરતભાઈ દેસાણી, રાહુલભાઈ ભરવાડ તથા પ્રવિણભાઈ આહિર ભવ્ય સંતવાણી પ્રસ્તુત કરશે. જગ્યાના મહંતએ સર્વે ધર્મપ્રેમી જનતાને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

# તોરી-રામપુરમાં આયુર્વેદિક સારવાર કેન્દ્રનો પ્રારંભ કરાયો

વડિયા, તા.૦૭



વડિયા-મોટી કુંકાવાવ તાલુકાના રામપૂર ગામે રામરોટી આશ્રમ ખાતે આયુર્વેદિક સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લા ડો. હેડગેવાર સેવા સમિતિ દ્વારા મફતમાં આ સેવા શરૂ કરવામાં આવી છે. આ તકે સંજયભાઇ નિમાવત તાલુકા કાર્યવાહ, કૌશિકભાઇ ઠાકર જિલ્લા સેવા પ્રમુખ, દિનેશભાઇ ધાનાણી અમરેલી નગર સેવા પ્રમુખ, આશ્રમના પૂજારી ચતુરભાઇ બોરડ, રાજુભાઇ દવે, સંદીપભાઇ વાઘાણી, ચંદ્રેશભાઇ વાળા, રતિભાઇ ગેવરિયા, બાબુભાઇ રામાણી, લાલજીભાઇ, સુરેશભાઇ બુહા સહયોગ આપેલ છે.

# મોટી કુંકાવાવ ગામે એસ.ટી.બસે ટક્કર મારતા રીક્ષા ચાલકને ઈજા

વડિયા,તા.૦૭

મોટી કુકાવાવ ગામે નાયરા પેટ્રોલપંપ પાસે એસ.ટી. બસે ઓટો રિક્ષાને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.આ અંગે આસિફભાઈ રજાકભાઈ દયાતરે એસ.ટી. બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેઓ પોતાની સીએનજી ઓટો રિક્ષા લઈને વડિયા તરફ જઈ રહ્યા હતા. તે વખતે મોટી કુકાવાવ નાયરા પેટ્રોલપંપ પાસે પહોંચતાં સામેથી આવતી એસ. ટી. બસના ચાલકે પોતાના કબજાની બસ પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી રિક્ષા સાથે અથડાવી દીધી હતી.

આ અકસ્માતમાં રિક્ષાચાલકને માથાના ભાગે ઈજા પહોંચતાં ત્રણ ટાંકા આવ્યા હતા તેમજ શરીરે અને વાંસાના ભાગે મૂઢ ઈજાઓ થઈ હતી. આ બનાવ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરાના કોટડાપીઠા ગામની સીમમાં વાડીના શેઢે વીજ પોલ નાખવાની ના પાડતા બબાલ

**પગ પકડી પછાડી દઈ જમીન પર ઢસડયાં**

બાબરા, તા.૦૭

બાબરાના કોટડાપીઠા ગામની સીમમાં વાડીના શેઢે પવનચક્કીના વીજ પોલના થાંભલા નાખવાની ના પાડતાં એક યુવકને ગાળો આપી જમીન પર ઢસડી માર મારવામાં આવ્યો હતો. આ અંગે સામતભાઈ બધાભાઈ દાફડા (ઉં.વ. ૩૮) એ વિનુભાઈ રૂપાભાઈ ઝાપડિયા (રહે. સુખપર), યોગેશભાઈ વિહાભાઈ ડેર (રહે. હિરાણા), પથુભાઈ રામભાઈ બસીયા (રહે. કોટડાપીઠા), રણુભાઈ આહીર (રહે. ગમા પીપળીયા), ભવાનભાઈ સોરીયા (રહે. ઊંટવડ) તથા પથુભાઈ કોઠીવાળ (રહે. સુખપર) સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, સામતભાઈ પ્રવિણભાઈ ગજેરાની વાડીએ ખેત મંજૂરીનું કામ કરતા હતા ત્યારે તમામ આરોપીઓ પ્રવિણભાઈ જાદવભાઈ ગજેરાની વાડીના શેઢે મંજૂરી વગર પવનચક્કીના વીજ પોલ નાખતા હતા. પ્રવિણભાઈએ આ અંગે ના પાડતાં ઉશ્કેરાયેલા છએય આરોપીઓએ એકસંપ થઈ પ્રવિણભાઈ તથા સાગરભાઈ સાથે ઝપાઝપી કરી ગાળો આપી હતી.દરમિયાન સામતભાઈ વચ્ચે પડતાં આરોપી વિનુભાઈ ઝાપડિયા, પથુભાઈ બસીયા અને ભવાનભાઈ સોરીયાએ ગાળો આપી હતી. તેમજ વિનુભાઈ અને યોગેશભાઈ ડેરે સામતભાઈના પગ પકડી નીચે પછાડી દઈ જમીન પર ઢસડતાં તેમને શરીરે છોલાણ ઈજાઓ થઈ હતી. જ્યારે રણુભાઈ આહીર અને પથુભાઈ કોઠીવાળે સાક્ષી સાગરભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ત્રઝમ પર પથ્થરમારો કરી કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હતું.આ બનાવ અંગે અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી. આર. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## તંત્રી લેખ

# સુરક્ષા પરિષદમાં ભારતને વીટો પાવર મળવો જોઈએ

સંયુક્ત રાષ્ટ્રની સૌથી શક્તિશાળી પાંખ એટલે સુરક્ષા પરિષદ અને આજે તેના માળખામાં આમૂલ પરિવર્તનની માંગ એટલી બુલંદ બની છે કે તેને હવે અવગણી શકાય તેમ નથી. પરંતુ આ પરિવર્તનની ચર્ચા જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ વીટોનો પડછાયો તેને ગૂંચવી નાખે છે. વિશ્વના દેશો વીટોના ભવિષ્યને લઈને એકમત નથી. કેટલાક દેશો સ્પષ્ટપણે કહે છે કે વીટોની જોગવાઈ એ લોકશાહી વિરુધ્ધ છે અને તેને તાત્કાલિક અસરથી દૂર કરવી જોઈએ, કારણ કે એક જ દેશની નારાજગી આખી માનવતાના હિતના ઠરાવને રોકી દે છે. તો બીજી તરફ એવો પણ મત છે કે જો નવા સભ્યોને સ્થાન આપવું જ હોય તો તેમને પણ સમાન અધિકાર સાથે પ્રવેશ આપવો જોઈએ, નહીંતર સુધારો અધૂરો રહેશે. આ વૈચારિક અથડામણમાં ભારતની સ્થિતિ અત્યંત નાજુક બની છે. ભારતે હંમેશા યુએનને વધુ પ્રતિનિધિત્વ ધરાવતું અને લોકશાહી બનાવવાની વાત કરી છે અને વિદેશ મંત્રી એસ. જયશંકરે આ મુદ્દાને સતત વૈશ્વિક સ્તરે ઉઠાવ્યો છે, પરંતુ વીટોના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળીને પોતાના માટે સંપૂર્ણ અધિકારો સાથેનું કાયમી સ્થાન મેળવવું એ એક મોટી રાજદ્વારી કસરત બની ગઈ છે. વાસ્તવિકતા એ છે કે સુરક્ષા પરિષદમાં કોઈપણ સુધારો ત્યારે જ શક્ય બને જ્યારે અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને બ્રિટન એમ પાંચેય સ્થાયી સભ્યો એકસાથે હા પાડે. આ પાંચ દેશો વચ્ચે આજે અનેક મુદ્દાઓ પર ઊંડા મતભેદો છે અને તેઓ કોઈ એક નવી વ્યવસ્થા પર સહમત થાય તેવી શક્યતા નહિવત છે. પોતાની વિશેષ સત્તા જતી કરવી કોઈને ગમતી નથી. આ ગતિરોધને થોડો હળવો કરવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયે એક નાનો પ્રયાસ કર્યો હતો. વર્ષ ૨૦૨૨માં લિક્ટેંસ્ટાઈન નામના નાના દેશની આગેવાનીમાં એક ઠરાવ પસાર થયો હતો, જે મુજબ હવે જો કોઈ સ્થાયી સભ્ય વીટોનો ઉપયોગ કરશે તો દસ દિવસની અંદર મહાસભાએ તેના પર ચર્ચા કરવી પડશે અને વીટો વાપરનાર દેશે સૌની સામે પોતાનો પક્ષ સ્પષ્ટ કરવો પડશે. આ પગલાથી વીટો વાપરતા પહેલા સો વાર વિચારવાનું દબાણ વધ્યું છે અને જવાબદેહી નક્કી થઈ છે, પરંતુ આ પ્રક્રિયા માત્ર ચર્ચા પૂરતી મર્યાદિત છે, તે વીટોને રદ કરી શકતી નથી, તેથી ભારત જેવા મહત્વાકાંક્ષી દેશો માટે હજુ પણ દરવાજા સંપૂર્ણપણે ખુલ્યા નથી. ભારત પોતાને કાયમી સભ્યપદ માટે સૌથી યોગ્ય ગણે છે અને તેની પાછળ નક્કર કારણો પણ છે. દોઢ અબજથી વધુની વસ્તી, વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને વૈશ્વિક દક્ષિણના દેશોનું નેતૃત્વ કરવાની ક્ષમતા તેને આ હરોળમાં આગળ રાખે છે. બ્રિક્સ અને જી-૨૦ જેવા મંચો પર તેની ભૂમિકાએ તેની છબીને એક જવાબદાર વૈશ્વિક શક્તિ તરીકે સ્થાપિત કરી છે. તેમ છતાં, આજના યુગમાં કાયમી સભ્યપદનો અર્થ માત્ર શક્તિશાળી હોવું નથી, પરંતુ વૈશ્વિક વાલી બનવાની તૈયારી હોવી પણ છે. અહીં ભારતની કસોટી થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દુનિયાએ અનેક મોટી કટોકટીઓ જોઈ છે, પછી તે યુક્રેનમાં ચાલતું યુધ્ધ હોય, ગાઝામાં સર્જાયેલી માનવતાવાદી ત્રાસદી હોય કે ઈરાન અને સીરિયા-લેબનોન ક્ષેત્રમાં વધતો તણાવ હોય. આ દરેક મુદ્દે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે જે સંતુલિત અથવા તટસ્થ વલણ લીધું છે તેને ઘણા પશ્ચિમી અને અન્ય દેશોએ રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપતું પગલું ગણાવ્યું છે. એવી છાપ ઊભી થઈ છે કે ભારતે વૈશ્વિક ન્યાય અને માનવતાના વ્યાપક હિતો કરતા પોતાના વ્યૂહાત્મક ભાગીદારો, જેમાં ક્યારેક અમેરિકા, રશિયા અને ઈઝરાયલનો સમાવેશ થાય છે, તેમના સંબંધોને વધુ મહત્વ આપ્યું છે.

# ભારતનો અવકાશી કેમેરો દુશ્મન પર બારીક નજર રાખશે

ભારતે આકાશમાં એક નવો વિક્રમ સ્થાપ્યો છે. રક્ષા સંશોધન અને વિકાસ સંસ્થા એટલે કે ડીઆરડીઓએ મંગળવારે એક વિશેષ એરશીપનું પરીક્ષણ કર્યું. આ એરશીપ એક પ્રકારનું બલૂન છે, જે આકાશમાં અત્યંત ઊંચે ઉડે છે. પરીક્ષણ સમયે તે ૨૧ કિલોમીટરની ઊંચાઈ સુધી પહોંચ્યું. આ કોઈ સાધારણ બલૂન કે ડ્રોન નથી. તે એટલું ઊંચું ઉડે છે કે વિમાનો પણ તેની નજીક નથી પહોંચી શકતા. તેને હાઈ એલ્ટિટ્યુડ પ્લેટફોર્મ સિસ્ટમ એટલે કે એચએપીએસ નામ આપવામાં આવ્યું છે. આ સિસ્ટમ સ્ટ્રેટોસ્ફિયરમાં કાર્ય કરવા માટે તૈયાર કરાઈ છે. સ્ટ્રેટોસ્ફિયર એટલે પૃથ્વીના વાતાવરણનો એ હિસ્સો જ્યાં મોટા વિમાનો ઉડે છે અને ઓઝોન સ્તર આવેલું છે. અહીં એ સમજવું જરૂરી છે કે અંતરિક્ષ એટલે કે સ્પેસ અને બ્રહ્માંડ એટલે કે યુનિવર્સના સ્ટ્રેટોસ્ફિયર વચ્ચે ઘણો ફરક છે. અંતરિક્ષ પૃથ્વીથી ખૂબ દૂર છે, જ્યારે સ્ટ્રેટોસ્ફિયર પૃથ્વીથી ૧૦ થી ૫૦ કિલોમીટરની વચ્ચેનો ભાગ છે. આ એરશીપ અંતરિક્ષમાં નહીં, પણ બ્રહ્માંડના સ્ટ્રેટોસ્ફિયરમાં તહેનાત રહેશે. તે ૨૧ કિલોમીટરની ઊંચાઈએથી દુશ્મન પર નજર રાખશે. રક્ષા મંત્રાલયના જણાવ્યા મુજબ પરીક્ષણ દરમિયાન એરશીપ સતત ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનને રીઅલ-ટાઇમ વિડિયો અને ડેટા મોકલતું રહ્યું. રીઅલ-ટાઇમ એટલે એ જ ક્ષણે માહિતી મળવી, જ્યારે ઘટના બનતી હોય. આ સિસ્ટમ સંચાર, દેખરેખ અને મોનિટરિંગના કાર્યમાં સહાય કરશે. મોનિટરિંગ એટલે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પર સતત નજર રાખવી. આ એરશીપ દેખાવમાં ભલે બલૂન જેવું લાગે, પરંતુ સુરક્ષા, રક્ષા અને દેખરેખની દ્દષ્ટિએ તે અત્યંત મહત્ત્વનું છે. તેમાં ઈનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ, જીપીએસ રિસીવર, ઓનબોર્ડ કેમેરા અને ઊંચાઈ નિયંત્રણ કરતી વ્યવસ્થા જેવા અનેક ઉપકરણો લગાવાયા છે. ઈનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ એટલે એવું સાધન જે એરશીપની ગતિ, દિશા અને સ્થિતિ માપે છે. જીપીએસ રિસીવર એટલે એવું સાધન જે ઉપગ્રહો દ્વારા સ્થાનની માહિતી આપે છે. ઓનબોર્ડ કેમેરા એટલે એરશીપની અંદર લગાવેલો કેમેરો જે નીચે જમીન પરની ઘટનાઓના ચિત્રો લે છે. ઊંચાઈ નિયંત્રણ કરતી વ્યવસ્થા એટલે એવી ગોઠવણ જે એરશીપને યોગ્ય ઊંચાઈ પર રાખે છે. આ એરશીપ ૨૦ થી ૨૧ કિલોમીટરની ઊંચાઈથી જમીન પર નજર રાખશે. તે એવા કાર્યો કરી શકશે જેના માટે આજે ઉપગ્રહોની જરૂર પડે છે. ઉપગ્રહો એટલે અંતરિક્ષમાં



ફરતા યંત્રો જે પૃથ્વીના ફોટા લે છે અથવા સંદેશા પહોંચાડે છે. આ એરશીપ ઉપગ્રહો કરતાં ઓછી કિંમતનું છે. તે લાંબા સમય સુધી ઊંચાઈ પર રહી શકે છે અને ત્યાંથી સરહદ અથવા દુશ્મનની હિલચાલનું નિરીક્ષણ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કરી શકે છે. દુશ્મનની હિલચાલ એટલે દુશ્મન દેશની સેનાની ગતિવિધિ, તેમના વાહનો, હથિયારો અને સૈનિકોની સ્થિતિ. આ હાઈ ઓલ્ટિયુડ પ્લેટફોર્મ સિસ્ટમને આગ્રામાં આવેલી ડીઆરડીઓની પ્રયોગશાળા એરિયલ ડિલિવરી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ એટલે કે એડીઆરડીઈ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરાઈ છે. ડિઝાઈન એટલે એરશીપનો આકાર, તેની બનાવટ અને તેના ભાગોની યોજના. વિકસિત એટલે તેને બનાવવું અને તેમાં સુધારા કરવા. તે હવા કરતાં વજનમાં હલકી સિસ્ટમ છે. હવા કરતાં હલકી એટલે એવી વસ્તુ જે હવામાં તરે છે, જેમ કે હિલિયમ ગેસથી ભરેલું બલૂન. તેને લાંબા સમય સુધી સ્ટ્રેટોસ્ફિયરમાં કાર્યરત રહેવા માટે સક્ષમ લાંબા-સહનશીલ એરિયલ પ્લેટફોર્મ તરીકે વિકસાવાઈ રહી છે. લાંબા-સહનશીલ એટલે ઘણા દિવસો કે મહિનાઓ સુધી કામ કરી શકે તેવું. એરિયલ પ્લેટફોર્મ એટલે હવામાં તરતું એવું મંચ જેના પર ઉપકરણો લગાવીને માહિતી એકત્ર કરી શકાય. આ સિસ્ટમનો સૌથી મોટો લાભ એ છે કે તે ઉપગ્રહો કરતાં ઓછા ખર્ચે વધુ સમય સુધી એક જ જગ્યાએ રહીને સતત દેખરેખ આપી શકે છે. ઉપગ્રહો પૃથ્વીની આસપાસ ફરતા રહે છે, તેથી એક જ જગ્યાને સતત નજરમાં રાખવી મુશ્કેલ બને છે. પરંતુ આ એરશીપ એક જ જગ્યાએ સ્થિર રહીને સતત તે વિસ્તાર પર નજર રાખી શકે છે. આ ઉપરાંત, ઉપગ્રહોને બનાવવા અને તેને અંતરિક્ષમાં મોકલવા માટે ઘણો ખર્ચ થાય છે, જ્યારે આ એરશીપને સ્ટ્રેટોસ્ફિયરમાં મોકલવું પ્રમાણમાં સસ્તું છે. સ્ટ્રેટોસ્ફિયરમાં હવાનું દબાણ ઓછું હોય છે અને તાપમાન ઘણું નીચું હોય છે, તેથી આ એરશીપને એવી રીતે બનાવાયું છે કે તે આ કઠિન પરિસ્થિતિમાં પણ કામ કરી શકે. આ એરશીપનો ઉપયોગ ફક્ત રક્ષા માટે જ નહીં, પણ કુદરતી આફતોમાં પણ થઈ શકે છે. દા.ત., પૂર, ભૂકંપ કે વાવાઝોડાની સ્થિતિમાં આ એરશીપ ઊંચાઈથી આખા વિસ્તારના ચિત્રો લઈને મદદ કરી શકે છે. તે જંગલોમાં આગ લાગે ત્યારે તેની દિશા અને ફેલાવો જોઈ શકે છે. તે ખેતી માટે પણ ઉપયોગી થઈ શકે છે, જેમ કે પાકની સ્થિતિ જોવી અને જમીનની ભેજનું પ્રમાણ માપવું. આ ઉપરાંત, તે સંચાર માટે પણ મદદ કરી શકે છે, ખાસ કરીને દૂરના ગામડાઓ કે પર્વતીય વિસ્તારોમાં જ્યાં મોબાઈલ ટાવર નથી પહોંચતા. આ સિસ્ટમ ભારતની તકનીકી પ્રગતિનું પ્રતીક છે. તે દર્શાવે છે કે ભારત પોતાની જમીન પર જ આધુનિક તકનીકી વિકસાવી શકે છે. ડીઆરડીઓ દ્વારા કરાયેલું આ પરીક્ષણ સફળ રહ્યું છે, જે ભવિષ્યમાં ઘણા નવા ઉપયોગોની શક્યતાઓ ખોલે છે. આ સિસ્ટમને વધુ વિકસિત કરીને ભારત તેને મોટા પાયે ઉત્પાદન કરી શકે છે અને અન્ય દેશોને પણ નિકાસ કરી શકે છે. આમ, આ એરશીપ ભારતના રક્ષા, સુરક્ષા અને વિજ્ઞાનના ક્ષેત્રમાં એક મહત્ત્વનું પગલું છે. તે અંતરિક્ષમાં નહીં, પણ સ્ટ્રેટોસ્ફિયરમાં રહીને દુશ્મન પર નજર રાખશે અને દેશની સુરક્ષામાં મદદ કરશે. આ સિસ્ટમ ભવિષ્યમાં ભારતની સૈન્ય શક્તિ અને તકનીકી આત્મનિર્ભરતાનું પ્રતીક બની રહેશે.

**આ એરશીપ અંતરિક્ષમાં નહી, પણ બ્રહ્માંડના સ્ટ્રેટોસ્ફિયરમાં તહેનાત રહેશે. તે ૨૧ કિલોમીટરની ઊંચાઈએથી દુશ્મન પર નજર રાખશે. રક્ષા મંત્રાલયના જણાવ્યા મુજબ પરીક્ષણ દરમિયાન એરશીપ સતત ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનને રીઅલ-ટાઇમ વિડિયો અને ડેટા મોકલતું રહ્યું.છે.રીઅલ-ટાઇમ એટલે એ જ ક્ષણે માહિતી મળવી, જ્યારે ઘટના બનતી હોય.**

## શબ્દ સંજોગ-૨૨૭૬



**આડી ચાવી :**
(૧) રાજસ્થાનનુ એક ગામ, જયા સૌ પ્રથમ અણુ ધડાકો કરવામાં આવ્યો હતો (૪)
(૩) સૂર્ય, સૂરજ (૪)
(૫) પરવરદિગાર, ઈશ્વર (૨)
(૬) મોહ, આસક્તિ (૨)
(૭) પ્રજાનુ શાસન કરનારી સત્તા (૪)
(૧૦) સૈન્ય, પાદડુ (૨)
(૧૩) રૂપાનુ, ધોળાશ પડતુ (૩)
(૧૫) તુરંત (૩)
(૧૭) કમળ (૩)
(૧૮) ....યાત્રા- આ યાત્રા અષાઢી બીજે નીકળે (૨)
(૧૯) એક સૂકોમેવો (૨)
(૨૦) ચિંતન, તર્ક, વિતર્ક (૩)
(૨૨) અંજામ, પરિણામ (૩)
(૨૫) ગણપતિદાદાને બહુ જ ભાવે (૩)
(૨૭) અચાનક, એકદમ (૩)
(૨૯) વાપર, કિંમત (૩)
(૩૧) ગર્ભમાં બાળકની ડૂંટી સાથે જોડાયેલી રગોની લાંબી નળી (૨)
(૩૨) એક જળચર પ્રાણી (૩)
(૩૩) મળી શકે એવુ (૨)

**ઉભી ચાવી :**
(૧) શૂરાતન, પાણી (૩)
(૨) ....પડી? (૩)
(૩) વાલીનો પુત્ર (૩)
(૪) હું તો તમારા પિતાજીના સસરાની પત્નીનો દીકરો (૨)
(૮) કામ, કાર્ય (૨)
(૯) ધૂળનો કણ (૨)
(૧૧) વ્યસન, ટેવ (૨)
(૧૨) શરીરની ત્રણ ધાતુઓમાની એક (૨)
(૧૪) ભાષાંતર, અનુવાદ (૪)
(૧૬) દાંત (૩)
(૧૭) હિજરી સનનો બીજો માસ (૩)
(૨૦) એક રાશિ (૩)
(૨૧) પુરુષવાચક પ્રાણી (૨)
(૨૩) નડતર, આડખીલી (૩)
(૨૪) સાથે (૨)
(૨૬) દરમિયાનગીરી કરવી તે (૩)
(૨૮) તદન (૨)
(૨૯) એક ચોઘડીયુ (૨)

## શબ્દ સંજોગ-૨૨૭૫ જવાબ

**આડી ચાવી:** (૧) અંબિકેય (૪) ગાઢ (૭) તુલના (૯) ગજાર (૧૧) દવ (૧૩) ગાતર (૧૫) નજર (૧૭) તરકટ (૨૦) અમાસ (૨૨) સાળી (૨૩) અપર (૨૫) પાલી (૨૬) અદા (૨૭) મપારો (૨૮) વહેમ (૨૯) રાઝ (૩૦) પાશ્વ (૩૧) રસી (૩૨) ટકોર .
**ઉભી ચાવી:** (૧) અંગદ (૨) કેતુ (૩) યલગાર (૫) ઢગ (૬) કેર (૮) નાત (૧૦) જાવક (૧૨) વનમાળી (૧૪) રત (૧૬) જસ (૧૮) રતિ (૧૯) ટપાલી (૨૦) અસાચવટ (૨૧) પોપ (૨૩) અદા (૨૪) રમઝટ (૨૫) પારોપાર (૨૬) અમર .

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૫૦ | ૧૯૩૫ |
| ઘઉં લોકવન | ૫૪૮ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૬૪ |
| જુવાર સફેદ | ૧૩૦૫ | ૧૪૦૦ |
| જુવાર લાલ | ૧૧૪૫ | ૧૩૦૦ |
| બાજરી | ૪૦૫ | ૪૬૬ |
| તુવેર | ૧૪૪૦ | ૧૯૦૦ |
| ચણા પીળા | ૧૨૩૦ | ૧૪૭૦ |
| ચણા સફેદ | ૧૬૭૦ | ૨૨૬૦ |
| અડદ | ૧૪૫૦ | ૨૦૦૩ |
| મગ | ૧૨૬૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૧૦૧૦ | ૧૩૮૦ |
| ચોળી | ૧૦૫૦ | ૨૦૦૦ |
| વટાણા | ૬૧૦ | ૧૦૪૦ |
| રાજમા | ૧૮૦૦ | ૨૧૯૮ |
| સીંગદાણા | ૧૬૧૦ | ૨૦૧૦ |
| તલી | ૨૧૦૦ | ૨૮૨૨ |
| એરંડા | ૧૨૩૦ | ૧૪૯૭ |
| અજમો | ૧૫૨૦ | ૩૫૨૦ |
| સુવા | ૮૬૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૨૧૬ |
| સીંગફાડા | ૧૪૨૦ | ૧૭૧૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૬૯૦ |
| લસણ | ૧૦૮૦ | ૨૩૫૦ |
| ધાણા | ૨૭૨૦ | ૨૮૩૩ |
| ધાણી | ૨૭૫૧ | ૨૯૮૦ |
| વરીયાળી | ૧૪૫૦ | ૨૨૬૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૫૦ |
| રાય | ૧૬૦૦ | ૧૮૯૦ |
| મેથી | ૯૪૮ | ૧૫૬૩ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૪૦૨૦ | ૪૪૦૦ |
| રાયડો | ૧૩૫૦ | ૧૫૮૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૮૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૪૨ | ૪૧૧૬ |
| પપૈયા | ૧૫૪ | ૩૧૨ |
| બટેટા | ૮૫ | ૩૦૯ |
| ડુંગળી સુકી | ૩૩૫ | ૮૪૧ |
| ટમેટા | ૩૧૧ | ૬૨૦ |
| સુરણ | ૩૩૯ | ૫૧૮ |
| કોથમરી | ૪૧૨ | ૬૯૩ |
| મુળા | ૧૫૮ | ૩૨૨ |
| રીંગણા | ૩૯૬ | ૬૪૭ |
| કોબીજ | ૮૬ | ૧૮૯ |
| ફ્લાવર | ૨૧૧ | ૪૦૩ |
| ભીંડો | ૫૫૬ | ૮૧૨ |
| ગુવાર | ૬૭૫ | ૧૮૭૨ |
| ચોળાસીંગ | ૬૧૪ | ૧૧૫૯ |
| વાલોળ | ૭૬૪ | ૧૨૧૯ |
| ટીંડોળા | ૩૮૨ | ૭૦૫ |
| દુધી | ૧૦૧ | ૨૧૪ |
| કારેલા | ૩૩૫ | ૪૯૬ |
| સરગવો | ૭૫૬ | ૧૫૨૪ |
| તુરીયા | ૫૭૫ | ૭૯૩ |
| પરવર | ૪૬૨ | ૭૧૬ |
| કાકડી | ૩૫૧ | ૮૧૩ |
| ગાજર | ૩૦૫ | ૪૪૮ |
| વટાણા | ૨૦૨૬ | ૩૦૦૫ |
| તુવેરસીંગ | ૫૧૫ | ૭૧૨ |
| કંટોળા | ૧૦૫૯ | ૧૮૨૦ |
| ગલકા | ૩૧૧ | ૫૨૭ |
| બીટ | ૩૦૭ | ૫૦૮ |
| મેથી | ૮૮૩ | ૧૫૨૭ |
| વાલ | ૮૨૬ | ૧૩૩૯ |
| ડુંગળી લીલી | ૨૧૩ | ૪૧૮ |
| આદુ | ૧૩૩૨ | ૩૦૧૯ |
| મરચા લીલા | ૧૭૯ | ૫૨૨ |
| હળદર લીલી | ૭૧૩ | ૮૮૧ |
| લસણ લીલું | ૨૬૮૫ | ૪૦૨૭ |
| મગફળી લીલી | ૬૧૩ | ૯૨૪ |
| મકાઇ લીલી | ૧૫૩ | ૨૯૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૩૦૧ | ૧૯૪૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૯૦ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૧૯૬૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૦ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૫૩૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૬૫૧ |
| ધાણા | ૨૭૦૧ | ૩૦૨૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૮૭૧ |
| અડદ | ૫૫૧ | ૧૯૧૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૯૦૧ |
| રાય | ૧૭૧૧ | ૧૭૧૧ |
| મેથી | ૧૨૩૧ | ૧૪૫૧ |
| કાંગ | ૩૦૦ | ૮૦૦ |
| સુરજમુખી | ૨૦૦ | ૨૦૦ |
| ધાણી | ૨૭૫૧ | ૩૦૩૧ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| મકાઇ | ૫૦૦ | ૬૦૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૭૧ |
| વાલ | ૩૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૨૧ |
| રજકાનું બી | ૨૬૦૧ | ૭૪૦૧ |
| અરીઠા | ૩૦૧ | ૩૦૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૨૮૧ |
| વટાણા | ૪૦૦ | ૯૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૬૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| અંબાળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીલી હળદર | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૬ |
| કાચા કેળા | ૧૫૦ | ૩૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૨૪૦ |
| ચૂણ | ૫૦૦ | ૮૦૦ |
| પરવળ | ૪૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૫૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૯૮૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૩ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ ગીરનાર | ૧૦૫૫ | ૧૫૨૫ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૮૬૦ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૩૫૦ | ૩૫૯૫ |
| બાજરો | ૩૯૦ | ૪૨૫ |
| જુવાર | ૬૦૦ | ૧૩૭૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૦ |
| મકાઈ | ૪૪૫ | ૪૪૫ |
| મગ | ૧૭૩૫ | ૨૦૧૦ |
| અડદ | ૧૨૯૦ | ૨૦૨૫ |
| ચણા | ૧૧૮૫ | ૧૪૭૦ |
| છોલે ચણા | ૧૦૨૦ | ૧૭૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૦૨૦ |
| એરંડા | ૧૪૭૦ | ૧૪૯૦ |
| જીરૂ | ૨૬૫૦ | ૪૪૫૦ |
| ધાણી | ૨૨૦૦ | ૩૦૬૦ |
| અજમા | ૨૫૦૦ | ૩૧૪૦ |
| મેથી | ૧૩૮૦ | ૧૪૧૦ |
| સોયાબીન | ૧૦૯૦ | ૧૧૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૬૦ |
| ગાજર | ૪૫૦ | ૫૫૦ |
| દુધી | ૧૪૦ | ૨૧૦ |
| કારેલા | ૫૫૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૧૪૦ | ૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૦૨૦ | ૧૪૩૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૪૦૦ |
| ચોળા લીલા | ૮૨૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| લીલી હળદર | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ચીભડા | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૮૫૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૨૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકું | ૧૭૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૧૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૬૧ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૫૬૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૬૨૧ |
| કપાસ | ૧૭૭૫ | ૧૯૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૭૩ |
| બાજરો | ૩૯૦ | ૫૧૧ |
| જુવાર | ૮૩૦ | ૧૪૦૫ |
| મગ | ૧૦૦૦ | ૧૨૮૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ચણા | ૧૨૨૫ | ૧૫૩૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૬૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૯૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૧૨૦૩ |
| **ધારી** | | |
| કપાસ | ૧૬૫૦ | ૧૮૫૩ |
| ઘઉં | ૫૨૬ | ૫૨૬ |
| તુવેર | ૧૫૧૫ | ૧૬૧૫ |
| અડદ | ૧૬૫૧ | ૧૮૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૧૯૭૦ |
| ઘઉ ટુકડા | ૪૮૦ | ૫૪૪ |
| ઘઉ લોકવન | ૫૧૮ | ૫૫૭ |
| અડદ | ૧૭૬૦ | ૧૭૬૦ |
| મગફળી | ૭૫૦ | ૭૫૦ |
| ચણા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૨૩૪૧ | ૨૩૪૧ |
| મેથી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ધાણા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| એરંડી | ૮૦૦ | ૯૯૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૭૪૦ | ૨૦૪૦ |
| કપાસ મીડીયમ | ૧૪૭૦ | ૧૬૮૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૨૯૦ |
| તલ કાળા | ૨૪૪૦ | ૩૩૫૦ |
| ચણા | ૧૨૭૦ | ૧૩૯૦ |
| ઘઉ | ૫૧૧ | ૫૬૫ |
| મગ | ૧૬૪૦ | ૧૯૧૫ |
| અડદ | ૧૬૮૦ | ૧૭૭૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૯૬૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૮૧૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૮૫૦ |
| મગફળી | ૯૫૦ | ૧૪૦૦ |
| શીંગફાડા | ૧૫૮૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૮૫૦ |
| ડુંગળી લાલ | ૪૫૦ | ૭૦૦ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૧૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનારી | ૧૨૦૦ | ૧૪૫૫ |
| શીંગ ૬૬ | ૧૬૩૬ | ૨૧૫૮ |
| શીંગ ૩૯ | ૧૦૦૦ | ૧૪૯૭ |
| શીંગ જી-૨૦ | ૧૧૪૨ | ૧૫૦૮ |
| જુવાર | ૪૮૬ | ૧૪૧૯ |
| બાજરી | ૪૩૧ | ૫૦૫ |
| બજરો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૪૧ |
| મકાઈ | ૪૫૫ | ૬૦૧ |
| અડદ | ૯૯૯ | ૧૮૯૦ |
| મગ | ૭૧૫ | ૧૫૯૦ |
| મઠ | ૯૧૦ | ૯૧૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૩૩૮ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૪૨૬ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૨૪ |
| અજમા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૭૧૪ |
| ડુંગળી સફેદ | ૨૯૨ | ૪૪૦ |
| કપાસ શંકર | ૧૭૪૦ | ૧૯૦૨ |
| નાળીયેર | ૮૮૧ | ૨૯૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૧૪૯ | ૧૪૬૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૪૮૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૮ |
| અડદ | ૧૨૧૧ | ૧૯૯૦ |
| મગ | ૧૨૫૦ | ૧૩૯૨ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૯૨ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૭૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૬૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૧૯ |
| **ખાંભા** | | |
| કપાસ એ ગ્રેડ | ૧૮૩૩ | ૨૦૦૦ |
| મગફળી | ૧૨૭૧ | ૧૨૭૧ |
| ચણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| **જામનગર** | | |
| બાજરી | ૪૦૦ | ૪૩૦ |
| ઘઉં | ૩૬૦ | ૫૮૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૭૮૫ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૬૦ |
| ચણા | ૧૨૭૫ | ૧૪૪૮ |
| ચણા સફેદ | ૧૫૫૦ | ૧૮૯૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૨૦ |
| એરંડા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| તલી | ૧૭૫૦ | ૨૫૨૦ |
| રાયડો | ૧૪૭૫ | ૧૫૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૪૬૦ |
| કપાસ | ૧૭૭૦ | ૧૯૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૬૫૦ |
| અજમો | ૨૨૦૦ | ૩૯૬૫ |
| અજમાની ભૂસી | ૬૦ | ૩૪૦૦ |
| ધાણા ધાણી | ૨૦૦૦ | ૨૬૫૦ |
| ડુંગળીસુકી | ૩૦૦ | ૮૧૧ |
| વટાણા | ૩૬૫ | ૮૬૫ |
| રાજમા | ૨૨૦૦ | ૨૨૭૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૫૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૨૨૫ | ૨૫૧૦ |
| કપાસ | ૧૭૫૦ | ૨૦૨૫ |
| બાજરો | ૪૧૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૭ |
| જુવાર | ૧૨૬૩ | ૧૫૩૩ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૭૫૦ | ૭૫૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| અજમા | ૨૫૦૧ | ૨૫૦૧ |
| સોયાબીન | ૧૦૦૫ | ૧૦૦૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દિલીપ સંઘાણીના હસ્તે ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલ ખાતે 7D વર્ચ્યુઅલ રિયાલિટી લેબનું ઉદ્ઘાટન

**ગીતાબેન સંઘાણી, અશ્વિન સાવલીયા, નારણ કાછડીયા સહિતના હાજર રહ્યાં**



અમરેલી,તા.૦૭

અમરેલી સ્થિત ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને અત્યાધુનિક અને અનુભવ આધારિત શિક્ષણ પૂરું પાડવાના હેતુથી સૌરાષ્ટ્રની સર્વપ્રથમ 7D વર્ચ્યુઅલ રિયાલિટી (ફઈ) લેબનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ લેબનું ભવ્ય ઉદ્ઘાટન ઈફકો (IFFCO)ના ચેરમેન અને સહકારી અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણીના વરદહસ્તે સંપન્ન થયું હતું.

ઉદ્ઘાટન પ્રસંગે શ્રી દિલીપભાઈ સંઘાણીએ સ્વયં 7D વર્ચ્યુઅલ રિયાલિટી ચેરનો રોચક અનુભવ મેળવીને તેની શૈક્ષણિક ઉપયોગિતા વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે શિક્ષણક્ષેત્રે ટેકનોલોજી અને નવીનતાના સમન્વયને બિરદાવ્યો હતો. 'મેક ઈન ઈન્ડિયા' ની સંકલ્પના હેઠળ તૈયાર કરાયેલી આ લેબ દ્વારા વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ભૂગોળ, ઈતિહાસ તથા અવકાશ વિજ્ઞાન જેવા જટિલ વિષયોને પ્રત્યક્ષ અનુભવીને સરળતાથી સમજી શકશે.

આ પ્રસંગે શાળાના જય કાથરોટિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, શ્રીમતી ગીતાબેન સંઘાણી, અશ્વિનભાઈ સાવલિયા, જયંતીભાઈ પાનસુરિયા, દિપકભાઈ માલાણી, બાબુભાઈ સખવાળા અને એમ. કે. સાવલિયા સહિતના અનેક અગ્રણીઓ તથા સહયોગીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. કલામ ઈનોવેટીવ સ્કૂલ દ્વારા હાથ ધરાયેલી આ આગવી પહેલથી "જોવું નહીં, પરંતુ અનુભવવું અને શીખવું"ના અભિગમને નવું બળ મળશે. સ્થાનિક સ્તરે જ વિશ્વસ્તરીય ટેકનોલોજીનો લાભ મળતાં અમરેલી તથા સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે આ અવસર નવીન શિક્ષણક્ષેત્રે મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# ગીરગઢડા તાલુકાના ફુલકા ગામે બે વર્ષની બાળકીને શ્વાન ઉપાડી ગયો



ઉના,તા.૦૭

ગીર ગઢડા તાલુકાના ફુલકા ગામમાં બપોરના સમયે ઘરની ઓસરીમાં પરિવારની હાજરીમાં રમતી બે વર્ષની બાળકી નાયરા શિવાભાઈ વાઘેલા પર અચાનક શ્વાને હુમલો કર્યો હતો. બાળકીના મોટાબાપા ધીરુભાઈ વાઘેલા તેમજ તેમના પિતા તાત્કાલિક શ્વાન પાછળ દોડી ગયા અને પથ્થર ફેંકી બાળકીને છોડાવી હતી. લોહીલુહાણ હાલતમાં બાળકીને પ્રથમ ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. તબીબ વઘાસિયાના જણાવ્યા મુજબ બાળકીના ચહેરા, આંખ અને ગાલ પર ગંભીર ઈજાઓ થતા પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવી હતી. શ્વાન હડકાયું હોવાની શક્યતા પણ વ્યક્ત કરાઈ છે. ઉના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં શ્વાનના હુમલા વધતા તંત્ર દ્વારા શ્વાનોને નિયંત્રણમાં લેવા માંગ ઉઠી છે.

# કોડીનારમાં SMCએ રૂ.૩.૮૪ લાખનો દારૂ જપ્ત કર્યો : ૫ આરોપી ઝડપાયા, ૨ ફરાર



કોડીનાર,તા.૦૭

કોડીનારના વિવિધ વિસ્તારોમાં સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડા પાડી રૂ.૩.૮૪ લાખથી વધુનો વિદેશી-દેશી દારૂ, બાઈક અને મોબાઈલ જપ્ત કર્યા છે. દરોડા દરમિયાન ૫ આરોપીઓ ઝડપાયા છે, જ્યારે ૨ ફરાર થયા છે. ગાંધીનગરની ટીમની આ કડક કાર્યવાહીથી સ્થાનિક પોલીસના ઈન્ટેલિજન્સ નેટવર્ક અને કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

# માહી ડેરી દ્વારા એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી કાર્યનો શુભારંભ કરાયો



અમરેલી,તા.૦૭

તળાજાના મોટા ઘાણા ગામે માહી ડેરી દ્વારા એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એનડીડીબી ડેરી સર્વિસીસના મેનેજિંગ ડિરેક્ટર ડો. સી.પી. દેવાનંદે જણાવ્યુ કે આ ટેકનોલોજીથી પશુઓની આનુવાંશિક ગુણવત્તામાં સુધારો થશે અને દૂધ ઉત્પાદન વધતા પશુપાલકોમાં આર્થિક ક્રાંતિ આવશે. દૂધ ઉત્પાદન વધારવા પશુઓની સંખ્યા નહિ પરંતુ ગુણવત્તા સુધારવી જરૂરી છે. માહી ડેરીના ચેરમેન વિજયભાઈ ઓડેદરા અને ચીફ એક્ઝિક્યુટિવ આલોક કુમાર ગુપ્તાએ જણાવ્યુ કે આનાથી ટૂંકા સમયમાં વધુ દૂધ આપતા પશુઓ વધારી શકાશે. એનડીડીબી ડેરી સર્વિસીસના ડો. એસ.પી. સિંઘે ટેકનોલોજી અંગે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. વસંત કાલરીયાએ કર્યુ હતું. આ પ્રસંગે માહી ડેરીના બોર્ડ મેમ્બર્સ અને મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલાના બાઢડાની એચ. એન. વિરાણી હાઈસ્કૂલમાં નશાબંધી સપ્તાહની ઉજવણી



સાવરકુંડલા,તા.૦૭

શ્રી એચ. એન. વિરાણી હાઈસ્કૂલ બાઢડા ખાતે નશાબંધી અને આબકારી ખાતા અમરેલીના ઉપક્રમે નશાબંધી સપ્તાહ ઉજવાયો હતો. ડી.વાય.એસ.પી. એન. બી. ગોરડિયાએ નશાથી થતા નુકસાન અંગે માર્ગદર્શન આપ્યુ અને જીવનમાં કંઈક બનવાનો નશો કરવાની વાત કરી. વિદ્યાર્થીઓએ નશામુક્તિના શપથ લીધા હતા. પોસ્ટર સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરાયા. કાર્યક્રમમાં અધિકારીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયાની ૯૦ મહિલાઓ અમર ડેરી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે



લીલીયા,તા.૦૭

લીલીયાની ક્રિષ્ના ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા મહિલાઓ માટે ત્રણ દિવસીય કિચન ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાંથી આશરે ૯૦ બહેનોએ અમરેલીમાં અમર ડેરીની અને કૃષિ વિકાસ કેન્દ્ર અમરેલીની મુલાકાત લીધી હતી. તેમાં કઈ પ્રોડક્ટ કેવી રીતે બને છે તેની માહિતી મેળવી હતી. આ પ્રસંગે સહકારી નેતા દિલીપભાઈ સંઘાણી હાજર હોય હોવાથી તેમનું અને અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, આર એસ પટેલ વિગેરેનું સન્માન ચેરમેન નીતિનભાઈ ત્રિવેદી, મુકેશભાઈ માતરીયા, ડિરેક્ટર અતુલભાઈ ભટ્ટ, રૂપાબહેન પાઠક, ઈન્દુબહેન પાઠક, ડો.ભાવનાબહેન કુંભાણી, ખેડૂત અગ્રણી ત્રીકમભાઈ શિંગાળા મેનેજર જીતેન્દ્રભાઈ પાઠક તથા વિનીત ભાઈ, દયાબહેન કવા અને લાભાર્થી બહેનો દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંચાલિત અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ની મુલાકાત લીધેલ.

# રૂ.૧૨ કરોડના ખર્ચે બની રહેલો સાવરકુંડલાનો સ્ટેટ હાઈવે એક વર્ષમાં જ બિસ્માર બન્યો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલામાંથી પસાર થતો મહત્વનો સ્ટેટ હાઈવે ફરી એકવાર ચર્ચામાં છે. સાવરકુંડલા શહેરના મધ્યમાંથી પસાર થતો અને આગળ ઉના, સોમનાથ, મહુવા, ખાંભા, રાજુલા તથા પીપાવાવ પોર્ટ જેવા મહત્વના વિસ્તારોને જોડતો આ માર્ગ કરોડોના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. જોકે માર્ગનું કામ પૂર્ણ થયાને એક વર્ષ જેટલો સમય થવા છતાં માર્ગની હાલત બિસ્માર બનવા લાગી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સાવરકુંડલામાંથી પસાર થતા આશરે પાંચ કિલોમીટર લાંબા માર્ગના કામને પૂર્ણ કરવામાં એક વર્ષથી વધુ સમય લાગી ગયો હોવા છતાં કામગીરી હજુ પણ અધુરી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તો જેમ જેમ આગળ બનાવવામાં આવે છે તેમ તેમ અગાઉ બનાવેલા ભાગમાં ખાડા પડવા લાગે છે અને ડામર ઉખડવાની શરૂઆત થઈ જાય છે. આથી માર્ગની ગુણવત્તા સામે પણ સવાલો ઉભા થયા છે. સૌથી વધુ ચર્ચાસ્પદ બાબત એ છે કે તાજેતરમાં બનાવવામાં આવેલા રસ્તામાં જ અનેક સ્થળોએ ખાડા પડી જતાં હવે પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# અમરેલીમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા' યોજાઈ

**પીએમ મોદીએ વર્ચ્યુઅલ સંબોધન કરી 'વિકસિત ભારત-૨૦૪૭' માટે એકજૂથ થવા હાકલ કરી**



અમરેલી,તા.૦૭

અમરેલી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં સેવા, સુશાસન અને સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સેવા જ્યોતિ યાત્રા'ના સમાપન સમારોહ અને 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાના અધ્યક્ષસ્થાને અને રાજ્યસભાના સાંસદ માનસિંહ પરમારના અતિથિ વિશેષપદે યોજાયેલી સભામાં પદાધિકારીઓ, કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. નવી દિલ્હીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ સંબોધન કરી 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પોને સાકાર કરવા સૌને એકજૂથ થવા અપીલ કરી હતી અને "વી વિલ ડુ ઈટ"નો નારો આપ્યો હતો. સભાને સંબોધતા જગદીશ મકવાણાએ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાની કામગીરીની વાત કરી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના, ગરીબ કલ્યાણ અન્ન યોજના, કિસાન સન્માન નિધિ અને ઉજ્જવલા યોજનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કાર્યક્રમમાં રંગોળી સ્પર્ધાના વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. 'રંગ કસુંબલ' ડાયરો યોજાયો હતો. મહાનુભાવોએ મશાલ પ્રજ્વલિત કરી વિકાસ જ્યોતિ યાત્રા અને પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. યાત્રાનું કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે સમાપન થયું હતું. વિકસીત ભારત સંકલ્પ સભામાં અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યાં હતા.

# દામનગર ખાતે પી.આઈ. એન. જી. જાડેજાની અધ્યક્ષતામાં નવરાત્રી સંદર્ભે લોકદરબાર યોજાયો



તસવીર : વિનોદ જયપાલ

દામનગર,તા.૦૬

દામનગર પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. એન. જી. જાડેજાની અધ્યક્ષતામાં આગામી નવરાત્રી મહોત્સવને અનુલક્ષીને લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં નવરાત્રી આયોજકો, સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ, પાલિકા સદસ્યો, વેપારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

પી.આઈ. જાડેજાએ સ્પષ્ટ ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, કોઈપણ પ્રકારની અસામાજિક કે અનિષ્ટ પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં. દરેક ગરબા મહોત્સવ સ્થળે 'ઓન બોડી કેમેરા' સાથે સિવિલ ડ્રેસમાં મહિલા પોલીસ તૈનાત રહેશે. ટ્રાફિક અને રોમિયોગીરી કરનારા સામે કડક કાર્યવાહી કરાશે. આયોજકોને કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તુરંત પોલીસનું ધ્યાન દોરવા તાકીદ કરવામાં આવી છે.

## વિષય:—દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામાં આવે છે. અમારા ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :— લીલીયા, મોજે—ટીબડી ના જેના રે.સર્વે નં.૩૩ ના જુ.સ.નં.૮૪/૧ક પૈકી ૧,જેનુ કુલ ક્ષેત્રફળ :-૧-૬૧-૮૩ હે. આરે.(૧)કાંતાબેન મંગળાભાઈ ખોડા તે ભીમાભાઈ કાળાભાઈ બાબરીયાના નામે ચાલે છે. જે જુની શરતની છે. ખેતીની બીનપીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા,કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં જો કોઈનો વાંધો, વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ,દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે (દિન-૧૦)મા પુરાવા સહી લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક,હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે. તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી,જેની જનતા ને નોંધ લેવી.

**સરનામુઃ-દેવ કોર્પોરેટ ઓફીસ**
**ગ્રામ પંચાયત કચેરીની સામે,**
**લીલીયા મોટા—૩૬૫૫૩૫**
**મો. ૮૪૬૦૪૪૮૧૮૨,મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨**

**સહી,**
**લી.આપનો વિશ્વાસુ**

# કોડીનારના સુગાળા ગામમાં મોડી રાત્રે બે સિંહોની લટાર



કોડીનાર તા.૦૭

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પંથકના સુગાળા ગામમાં મોડી રાત્રે બે સિંહો ઘુસી આવતા ગ્રામજનોમાં ચિંતા જોવા મળી હતી. ગામમાં પ્રવેશ કર્યા બાદ સિંહોએ એક વાછરડાનો પીછો કર્યો હતો. જોકે વાછરડું દોડીને નાસી છુટતા સિંહો શિકાર કરવામાં સફળ રહ્યા ન હતા. સમગ્ર ઘટના નજીકમાં લગાવેલા CCTV કેમેરામાં કેદ થઈ હતી. રહેણાંક વિસ્તારમાં સિંહોની અવરજવરથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## વિષય:—દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમે નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારાની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકોઃ- લીલીયા, મોજેઃ—પીપળવા ના જેના રે.સર્વે નં.૨૩૭ તથા ૨૪૬નું,જેનુ કુલ ક્ષેત્રફળઃ-૨-૪૫—૧૩ હે. આરે. (૧)ચંદુલાલભાઈ કચરાભાઈ ભંડેરીના નામે ચાલે છે.જે જુની શરતની છે.ખેતીની બીનપીયત જમીન સદરહુ જમીનના માલીક,કબજેદાર અને ધારણ કર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા,કલીયર,માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલક્ત માં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગ ભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે.જેથી સદરહુ મિલકતમાં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈપણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે (દિન-૧૦)મા પુરાવા સહીલેખીત જાણ કરવી.જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક,હીત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતા ને નોંધ લેવી.

**સરનામુઃ-દેવ કોર્પોરેટ ઓફીસ**
**ગ્રામ પંચાયત કચેરીની સામે,**
**લીલીયા મોટા—૩૬૫૫૩૫**
**મો. ૮૪૬૦૪૪૮૧૮૨,મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨**

**સહી,**
**લી.આપનો વિશ્વાસુ**

# 'સાચા નેતા, યોગ્ય સમય, યોગ્ય સ્થાન': નાયડુ સહિત NDA નેતાઓએ મોદીને અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી, તા.૦૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પ્રસંગે NDAના અનેક નેતાઓએ તેમને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી અને NDAના મુખ્ય ઘટક પક્ષના નેતા એન. ચંદ્રબાબુ નાયડુએ મોદીને અભિનંદન આપતાં કહ્યું કે ભારત ભાગ્યશાળી છે કે તેને



'યોગ્ય સમયે અને યોગ્ય સ્થાન પર યોગ્ય નેતા' મળ્યા છે. તેમણે કહ્યું કે મોદીના નેતૃત્વમાં ભારત ૨૦૪૭ સુધી વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે.

કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને મોદીની ૨૫ વર્ષની સફરને રાષ્ટ્રસેવાનો વિશ્વસનીય સંકલ્પ ગણાવ્યો હતો. JDUના કાર્યકારી પ્રમુખ સંજય ઝાએ ગુજરાતના મુખ્યમંત્રીથી દેશના વડાપ્રધાન સુધીની મોદીની યાત્રાને રાષ્ટ્રનિર્માણ, સુશાસન અને જનકલ્યાણની દિશામાં મહત્વપૂર્ણ ગણાવી હતી. પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાએ મોદીના જાહેર જીવનને 'રાષ્ટ્ર પ્રથમ, સેવા એ જીવન'ની ભાવનાથી જોડ્યું હતું. કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ પણ મોદીના ૨૫ વર્ષના સુશાસન અને સેવા સંકલ્પની પ્રશંસા કરી હતી.

# એસઆઈઆર અને મુખ્ય ચૂંટણી કમિશનર સામે વિપક્ષનું જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી, તા.૦૭

એસઆઈઆર અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના મુદ્દે કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોએ બુધવારે દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વિરોધ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, મલ્લિકાર્જુન ખડગે સહિત ઈન્ડિયા ગઠબંધનના સાંસદો જંતર-મંતર તરફ બસમાં જઈ



રહ્યા હતા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા.

બાદમાં કેટલાક નેતાઓ અને કાર્યકરોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ ચૂંટણી કમિશનર પર ગંભીર આક્ષેપો કરતાં તેમના રાજીનામાની માંગ કરી હતી. તેમણે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા અને લોકશાહીના રક્ષણ માટે વિરોધ ચાલુ રહેશે. મલ્લિકાર્જુન ખડગેએ પણ બંધારણ અને લોકશાહી બચાવવા વિપક્ષ એકજૂથ હોવાનું જણાવ્યું હતું. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે કહ્યું કે ચૂંટણી કમિશનરને મળવાની મંજૂરી ન મળતાં જંતર-મંતર ખાતે વિરોધ કરવામાં આવી રહ્યો છે. છેલ્લા બે દિવસથી વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની માંગ સાથે વિરોધ કરવામાં આવી રહ્યો છે.

# ૧૦ ઓક્ટોબરે જંતર-મંતર ખાતે વિદ્યાર્થી સંગઠનોનું મોટું પ્રદર્શન

નવી દિલ્હી, તા.૦૭

૧૦ ઓક્ટોબરે જંતર-મંતર ખાતે યોજાનારા વિશાળ વિરોધ પ્રદર્શનને લઈને બુધવારે પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા ખાતે સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ હતી. તેમાં CJP, AISA, SFI, AISF અને ASAP સહિતના વિદ્યાર્થી સંગઠનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. AISA પ્રમુખ નેહા બોરાના નેતૃત્વમાં સંગઠનોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે સંયુક્ત મોરચો બનાવવાની જાહેરાત કરી હતી. સંગઠનોનો આક્ષેપ છે કે ચૂંટણી પ્રક્રિયામાં કેટલીક અનિયમિતતાઓ અને ખામીઓ અંગે યોગ્ય ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. વિદ્યાર્થી સંગઠનોએ ચૂંટણી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને જવાબદારીની માંગ કરી હતી. તેમણે નાગરિકો, વિદ્યાર્થીઓ અને યુવાનોને ૧૦ ઓક્ટોબરના પ્રદર્શનમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.

# ખોટો જવાબ દાખલ કરવા બદલ ૬ CBI અધિકારીઓ સામે ફોજદારી ફરિયાદનો દિલ્હી હાઈકોર્ટે કર્યો આદેશ

નવી દિલ્હી, તા.૦૭

દિલ્હી હાઈકોર્ટે કોર્ટમાં ખોટો જવાબ દાખલ કરવા બદલ છ CBI અધિકારીઓ સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કાર્યવાહી ભૂતપૂર્વ IRS અધિકારી અશોક કુમાર અગ્રવાલની અરજી પર કરવામાં આવી છે. હાઈકોર્ટે રાઉઝ એવન્યુ કોર્ટના વિશેષ ન્યાયાધીશનો અગાઉનો નિર્ણય પણ રદ કર્યો છે.




અશોક અગ્રવાલ સામે અપ્રમાણસર સંપત્તિનો કેસ નોંધાયો હતો, પરંતુ ૨૦૧૬માં તેમને આ કેસમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જપ્ત કરાયેલા દસ્તાવેજો પરત મેળવવા માટે તેમણે અરજી કરી હતી. CBIએ ૨ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ કોર્ટમાં જવાબ રજૂ કર્યો હતો. હાઈકોર્ટે નોંધ્યું કે તે પહેલાં કાયદા મંત્રાલયે ૮ જૂન, ૨૦૧૬ના રોજ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની જરૂરિયાત ન હોવાનું જણાવી દીધું હતું. કોર્ટના મતે, CBI અધિકારીઓએ આ હકીકત છુપાવીને ખોટી માહિતી રજૂ કરી હતી. હાઈકોર્ટે IPCની કલમ ૧૯૧, ૧૯૩ અને ૨૦૯ હેઠળ છ અધિકારીઓ સામે ફરિયાદ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

# પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાત માટે રૂ.૫ કરોડ ચૂકવ્યાના દાવાને વિરાટ કોહલીએ નકાર્યો

નવી દિલ્હી, તા.૦૭

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીને વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાત માટે કથિત રીતે રૂ.૫ કરોડ ચૂકવવામાં આવ્યા હોવાના વાયરલ દાવાને કોહલીના પ્રવક્તાએ ફગાવી દીધો છે. પ્રવક્તાએ આ દાવાને સંપૂર્ણપણે ખોટો, પાયાવિહોણો અને તથ્યહીન ગણાવ્યો હતો. સોશિયલ મીડિયા પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે રાજસ્થાનની એક ખાનગી કંપની અને પ્રોપર્ટી બિલ્ડર લોબીએ જાન્યુઆરી ૨૦૨૩માં કોહલીની આશ્રમ મુલાકાત માટે રૂ.૫ કરોડનો ખર્ચ કર્યો હતો. આ દાવો ફલાહારી મહારાજ તરીકે જાણીતા દિનેશ શર્માએ કર્યો હોવાનું જણાવાયું હતું. કોહલીના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી હતી કે વિરાટ કોહલી પ્રેમાનંદ મહારાજને તેમની ઊંડી શ્રદ્ધા અને આદરના કારણે મળે છે.

# CBIના દરોડા દરમિયાન ફૂલવર્ષા-ઢોલ વગાડવાના મામલે SHO યશપાલ શર્મા સસ્પેન્ડ

ચંદીગઢ, તા.૦૭

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના OSD રાજવીર ખુમાનના ઘરે CBIના દરોડા દરમિયાન તપાસ એજન્સીના વાહન પર ફૂલો વરસાવવા અને ઢોલ વગાડવાના મામલે ભવાનીગઢના SHO યશપાલ શર્માને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સુરક્ષામાં બેદરકારી બદલ આ કાર્યવાહી કરવામાં આવી



હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત, પોલીસે બે લોકોની અટકાયત કરી છે. અહેવાલ મુજબ, મંગળવારે રાત્રે CBIએ રાજવીર ખુમાનના ઘર સહિત ચંદીગઢના સેક્ટર-૨માં આવેલી મિલકતની તલાશી લીધી હતી. આ દરમિયાન વારિસ પંજાબ દેના નેતા ચમનદીપ મિલ્ખી અને શિરોમણી અકાલી દળના નેતા વિજય લંકેશે CBIના વાહન પર ફૂલો વરસાવ્યા હતા અને ઢોલ વગાડ્યા હતા. પોલીસે બુધવારે સવારે બંનેને કસ્ટડીમાં લીધા હતા. CBIએ મોહાલી, ગુરદાસપુર, લુધિયાણા, પટિયાલા અને જલંધરમાં પણ તપાસ સાથે સંકળાયેલા લોકોના સ્થળોએ તલાશી લીધી હતી.

# દિલ્હીના સીમાપુરીમાં પાંચ માળની ઈમારત ધરાશાયી, ૨૫થી ૩૦ લોકો ફસાયા હોવાની આશંકા

નવી દિલ્હી, તા.૦૭

દિલ્હીના શાહદરા જિલ્લાના સીમાપુરી વિસ્તારમાં બુધવારે બપોરે પાંચ માળની ઈમારત ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. નવી સીમાપુરીમાં ઈદગાહ માછલી બજાર પાસે બનેલી આ ઘટનામાં ૨૫થી ૩૦ લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે. જોકે, હજુ સુધી કોઈ જાનહાનિની સત્તાવાર



પુષ્ટિ થઈ નથી. ઘટનાની જાણ બપોરે લગભગ ૩:૧૫ વાગ્યે દિલ્હી ફાયર સર્વિસના કંટ્રોલ રૂમને થતાં ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બચાવ કામગીરી માટે ત્રણ વોટર ટેન્ડર અને એક ઈન્સિડેન્ટ રિસ્પોન્સ ટીમ પણ મોકલવામાં આવી છે. દિલ્હી પોલીસ, ફાયર સર્વિસ અને અન્ય સંબંધિત એજન્સીઓ દ્વારા કાટમાળ હટાવી લોકોને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે. ઈમારત ધરાશાયી થતાં આસપાસનાં ચારથી પાંચ મકાનોને પણ નુકસાન થયું છે. ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક રહેવાસીઓ પણ બચાવ કામગીરીમાં મદદ કરી રહ્યા છે.

# નવરાત્રી ગરબામાં પવિત્રતા જાળવવા અમરેલી વિ.હિ.પ.નું આવેદન

અમરેલી,તા.૦૭

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ અને સહ પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદીની સૂચના થી જિલ્લા ઉપાધ્યક્ષ રવિભાઈ શેખવા, બજરંગ દળ સંયોજક જીગુશુભાઈ મહેતા, નગર મંત્રી પંકજભાઈ કાનાણી, ભોજરાજભાઈ વાળા, કુલદીપ વાળા સહિત પરિષદ અમરેલી જિલ્લા તથા નગર ટીમ દ્વારા નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે આયોજિત ગરબા કાર્યક્રમોમાં પવિત્રતા અને ગરિમા જળવાઈ રહે તે બાબતે આવેદન



આપવામાં આવ્યું હતું. આ તકે ગરબા આયોજન દરમિયાન ધાર્મિક ભાવનાઓ તેમજ પવિત્રતા જળવાઈ રહે તેવા વિવિધ મુદ્દાઓ અંગે આયોજકોનું ધ્યાન દોરવામાં આવ્યુ હતું.

# ચલાલા-સાવરકુંડલા રોડ પર ખાનગી બસ પર પથ્થરમારો

ધારી,તા.૦૭


તસવીર : સંજય વાળા

ધારી પંથકમાં પોલીસની નબળી કામગીરીને કારણે લુખ્ખાઓનો ત્રાસ વધવા પામ્યો છે. મધ્યપ્રદેશથી આવતી ખાનગી બસ પર ચલાલા-સાવરકુંડલા રોડ પર લુખ્ખાઓએ પથ્થરમારો કરી કાચ ફોડી ભારે નુકસાન પહોંચાડ્યુ હતુ. બસને ભારે નુકસાન જતા બસના ડ્રાઈવરે અજાણ્યા શખ્સો સામે ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. લુખ્ખાઓના ત્રાસથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

# અટલ ટનલ વૈશ્વિક એન્જિનિયરિંગ ધોરણોનું ઉદાહરણ: રાષ્ટ્રપતિ મુર્મુ

નવી દિલ્હી, તા.૦૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુધવારે રોહતાંગ ખાતે અટલ ટનલની મુલાકાત લીધી હતી. તેમણે ટનલના એન્જિનિયરિંગ તેમજ તેના નિર્માણમાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશનના અધિકારીઓ અને જવાનોના સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે અટલ ટનલને વૈશ્વિક એન્જિનિયરિંગ ધોરણોનું




નોંધપાત્ર ઉદાહરણ ગણાવી હતી. મુશ્કેલ હિમાલયી ભૂપ્રદેશમાં બનેલી આ ટનલ મનાલી અને લાહૌલ-સ્પિતિ વચ્ચે વર્ષભરની કનેક્ટિવિટી માટે મહત્વપૂર્ણ બની છે.

# શેરબજારમાં મોટો ઘટાડો: સેન્સેક્સ ૪૨૯ પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી ૧૭૩ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા.૦૭

અઠવાડિયાના ત્રીજા ટ્રેડિંગ સત્રમાં ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. બીએસઈ સેન્સેક્સ ૪૨૯.૧૧ પોઈન્ટ એટલે કે ૦.૫૯ ટકા ઘટીને ૭૨,૬૩૮.૭૦ના સ્તરે બંધ થયો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૭૩.૦૫ પોઈન્ટ એટલે કે ૦.૭૬ ટકા ઘટીને ૨૨,૬૦૩.૦૫ પર બંધ રહ્યો હતો.




સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી માત્ર ચાર શેર વધારા સાથે બંધ થયા હતા, જ્યારે ૨૬ શેરમાં ઘટાડો નોંધાયો હતો. નિફ્ટીની ૫૦ કંપનીઓમાંથી નવ શેર વધ્યા અને ૪૧ શેર ઘટ્યા હતા. સેન્સેક્સમાં કોટક મહિન્દ્રા બેંકનો શેર ૨.૨૧ ટકા વધ્યો હતો. ભારતી એરટેલ ૧.૩૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૧.૧૫ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૨૪ ટકા વધ્યા હતા. બીજી તરફ, ટાઈટનનો શેર ૩.૫૨ ટકા ઘટ્યો હતો. બીઈએલ ૨.૨૧ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૦૭ ટકા, ઈન્ફોસિસ ૨.૦૬ ટકા, એલએન્ડટી ૧.૯૬ ટકા અને અદાણી પોર્ટ્સ ૧.૯૦ ટકા ઘટ્યા હતા. ટાટા સ્ટીલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એચસીએલ ટેકમાં પણ ઘટાડો નોંધાયો હતો.

# સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રમાં પહેલગામ હુમલાનો ઉલ્લેખ કરી ભારતે કડક સંદેશ આપ્યો

વોશિંગ્ટન, તા.૦૭

ભાજપ સાંસદ બિપ્લબ કુમાર દેબે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રમાં ભારતનું રાષ્ટ્રીય નિવેદન રજૂ કરતાં આતંકવાદ સામે કડક વલણ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે આતંકવાદને કોઈપણ આધાર પર યોગ્ય ઠેરવી શકાય નહીં અને નાગરિકોને નિશાન બનાવવાનું કોઈ વાજબી કારણ નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે આતંકવાદને સારા કે



ખરાબ તરીકે અલગ કરી શકાય નહીં.

પહેલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતાં દેબે આતંકવાદીઓ, તેમના આયોજકો, ભંડોળ પૂરું પાડનારાઓ અને પ્રાયોજકોને જવાબદાર ઠેરવવાની માંગ કરી હતી. તેમણે આતંકવાદી સંગઠનો દ્વારા નવી ટેકનોલોજીના વધતા ઉપયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

ટેકનોલોજીનો ઉપયોગ ભરતી, કટ્ટરપંથીકરણ, પ્રચાર અને ભંડોળ એકત્ર કરવા માટે થઈ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. ભારતે આતંકવાદ સામે આંતરરાષ્ટ્રીય સહયોગ મજબૂત કરવા તથા આંતરરાષ્ટ્રીય આતંકવાદ અંગે વ્યાપક સંમેલન વહેલી તકે પૂર્ણ કરવાની હાકલ કરી હતી.

# ખેલ મહાકુંભ ૨૦૨૬નું રૂ. ૧૦૦ કરોડથી વધુના ખર્ચે ભવ્ય આયોજન, ૭૬ લાખથી વધુ ખેલાડીઓનું રેકોર્ડ રજિસ્ટ્રેશન

અમદાવાદ,તા.૦૭



ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાર્ષિક રમતોત્સવ 'ખેલ મહાકુંભ ૨૦૨૬' નો વડોદરા ખાતેથી ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. રૂ. ૧૦૦ કરોડથી વધુના બજેટ સાથે યોજાનારા આ રમતોત્સવમાં માત્ર વિજેતા ખેલાડીઓને ઈનામો આપવા માટે રૂ. ૪૫ કરોડ ફાળવાયા છે. આ વખતે ૭ વયજૂથમાં ૩૯ રમતો માટે રાજ્યભરમાંથી રેકોર્ડબ્રેક ૭૬.૦૨ લાખથી વધુ ખેલાડીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જે ગત વર્ષ કરતાં ૩.૫ લાખ વધુ છે.

વર્ષ ૨૦૩૬ ઓલિમ્પિક અને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના આયોજનના લક્ષ્ય સાથે સરકારે ચાલુ વર્ષે રમતગમત વિભાગ માટે રૂ. ૧૩૩૧ કરોડની જોગવાઈ કરી છે, જેમાંથી રૂ. ૧૦૫૬ કરોડ આંતરરાષ્ટ્રીય કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ ખર્ચાશે. રમતગમત નિષ્ણાતોના મતે માળખાકીય સુવિધાઓની સાથે ખેલાડીઓને પાયાના સ્તરથી પ્રોફેશનલ ટ્રેનિંગ આપવી પણ ખૂબ જરૂરી છે.

# અમદાવાદની ૧૦ સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી, વાલીઓમાં દોડધામ

અમદાવાદ,તા.૦૭




અમદાવાદની ૧૦ સ્કૂલોને આજે ૭ ઓક્ટોબરે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો મેઈલ મળતા શહેરમાં ચકચાર મચી ગઈ હતી. મેઈલની જાણ થતા જ બોમ્બ સ્ક્વોડ, પોલીસ, ફાયર વિભાગ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો અલગ અલગ સ્કૂલો ખાતે પહોંચી હતી. સ્કૂલ સંચાલકોએ તકેદારીના ભાગરૂપે વાલીઓને બાળકોને તાત્કાલિક ઘરે લઈ જવા માટે સુચના આપતા વાલી ઓમાં દોડધામ મચી હતી. ઝાયડસ સહિતની સ્કૂલોએ વિદ્યાર્થીઓને વહેલા છોડી દીધા હતા. ધમકીભર્યા મેઈલમાં અમદાવાદ ગુજરાત બોલેગા ખાલિસ્તાન ઝિંદાબાદ લખવામાં આવ્યુ હોવાનું સામે આવ્યુ છે. તેમજ ગુજરાતની સ્કૂલોને ૧૧:૧૧ વાગ્યે ઉડાવવાની ધમકી આપી હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને દિલ્હીના JLN સ્ટેડિયમમાં કાર્યક્રમને લઈને પણ ધમકીનો ઉલ્લેખ કરાયો હતો.

બીજી તરફ દાણાપીઠ વિસ્તારમાં આવેલી AMC ઓફિસને પણ બપોરે ૧:૧૧ વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા વધારી તપાસ હાથ ધરાઈ હતી.

# 'હિંમત હોય તો દિવસે પોસ્ટર ફાડો', ગાંધીનગરમાં ગેનીબેન ઠાકોરનો પડકાર

ગાંધીનગર,તા.૦૭




ગાંધીનગર મનપા ચૂંટણી પ્રચાર વચ્ચે રાજકીય ગરમાવો વધ્યો છે. કોંગ્રેસના પોસ્ટર ફાડવાના મુદ્દે સાંસદ ગેનીબેન ઠાકોરે આક્રમક વલણ અપનાવતા પડકાર ફેંક્યો કે, "રાત્રે પોસ્ટર ફાડો છો, હિંમત હોય તો દિવસે ફાડી બતાવો." આ સાથે તેમણે પોલીસ તંત્ર સામે પણ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, પોલીસનું કામ કાયદો-વ્યવસ્થા જાળવવાનું છે, રિક્ષાચાલકો અને કાર્યકરોને ધમકાવવાનું નહીં. આ નિવેદનોથી ગાંધીનગરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

# અમદાવાદ એરપોર્ટ પર કુવૈતથી આવેલા દંપતી પાસેથી રૂ. ૪૭ લાખનું બિનહિસાબી સોનું જપ્ત

અમદાવાદ,તા.૦૭



અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા સોનાની દાણચોરી સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

પેસેન્જર પ્રોફાઈલિંગના આધારે કુવૈતથી આવેલા એક દંપતીને અટકાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મહિલાના ચેક-ઈન બેગેજ, પર્સ અને કપડાં નીચે છુપાવેલું સોનું મળી આવ્યું હતું, જ્યારે પતિએ પણ કપડાં નીચે સોનાની ચેન પહેરી રાખી હતી.

કસ્ટમ્સ અધિકારીઓએ બંને પાસેથી ૨૪ કેરેટ શુધ્ધતા ધરાવતી સોનાની બંગડીઓ, ચેન અને પાયલ સહિત કુલ ૩૦૮.૭૧૦ ગ્રામ સોનું જપ્ત કર્યું છે, જેની બજાર કિંમત અંદાજે રૂ. ૪૬.૯૮ લાખ આંકવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગે તમામ સોનું જપ્ત કરીને આ દાણચોરી પાછળ કોઈ મોટું નેટવર્ક કાર્યરત છે કે કેમ તે દિશામાં વધુ તપાસ તેજ કરી છે.

# રૂ. ૪૮.૨૨ કરોડના ખર્ચે કલોલ રેલવે સ્ટેશનનો કાયાકલ્પ કરાયો



ગાંધીનગર,તા.૦૭

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કલોલ રેલવે સ્ટેશનનો રૂ. ૪૮.૨૨ કરોડના ખર્ચે કાયાકલ્પ કરાયો છે. નવું સ્ટેશન ભવન, ૪૦ ફૂટ પહોળો ફૂટ ઓવરબ્રિજ, લિફ્ટ, વિશાળ વેઈટિંગ હોલ અને પાર્કિંગ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરાઈ છે. હવે આ સ્ટેશન દૈનિક ૪૦,૦૦૦ મુસાફરોની ક્ષમતા સંભાળવા સક્ષમ બન્યું છે.

# અરવલ્લીમાં નાકાબંધી તોડી બૂટલેગરોનું પોલીસ પર ફાયરિંગ બાદ LCBની જવાબી કાર્યવાહીમાં એક ઘાયલ

અરવલ્લી,તા.૦૭




અરવલ્લી જિલ્લાના માલપુર નજીક મોરડુંગરી પાસે ગેરકાયદેસર નશીલા પદાર્થની હેરફેર રોકવા ગયેલી એલસીબી પોલીસ અને બૂટલેગરો વચ્ચે સામસામે ગોળીબારની ઘટના સામે આવી છે. શંકાસ્પદ કારને અટકાવવા જતાં કારમાં સવાર શખસોએ પોલીસ પર સીધું ફાયરિંગ કર્યું હતું. પોલીસે આત્મરક્ષણમાં ૪ રાઉન્ડ સામો ગોળીબાર કરતા આરોપી રાજારામ બિશ્નોઈના પગમાં ગોળી વાગતાં તે ઘાયલ થયો હતો, જેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે.

ઝપાઝપી દરમિયાન ન્ઝ્મ પીઆઈ, પીએસઆઈ સહિત એક પોલીસ કર્મચારી સામાન્ય ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ૫૦૦ કિલોથી વધુ પોશડોડા અને વાહન મળી કુલ રૂ. ૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઘટનાની ગંભીરતાને જોઈ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ સ્થળ પર પહોંચી તપાસનો દોર સંભાળ્યો હતો.

# સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં મોબાઈલ મળતા ૮ કર્મચારી સસ્પેન્ડ

સુરત,તા.૦૭




સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં કેદીઓને ગેરકાયદે સવલતો અપાતી હોવાના મામલે વડી કચેરી દ્વારા કડક શિસ્તભંગના પગલાં ભરાયા છે. અમદાવાદની સ્પેશિયલ જેલ જડતી સ્ક્વોડે પાડેલા સરપ્રાઈઝ દરોડા દરમિયાન બેરેકમાંથી ૧૧ એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવ્યા હતા. કેદીઓને પાન-મસાલા, સિગારેટ સહિતની વસ્તુઓ અને આરામદાયક સાધનો મળતા હોવાના આરોપો પણ સામે આવ્યા હતા. કેદીઓ જેલમાં મોબાઈલનો બિન્દાસ્ત ઉપયોગ કરતા હોવાનુ તપાસમાં સામે આવ્યુ હતુ. વડી કચેરીની ગુપ્ત તપાસમાં આરોપો સાચા સાબિત થતા ૨ હવાલદાર, ૩ સુબેદાર અને ૩ સિપાહીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેલ કર્મચારીઓ માથાભારે કેદીઓ અને ચોક્કસ કેશિયર કેદીઓ સાથે મિલીભગત રાખી જેલની સુરક્ષા જોખમમાં મુકતા હોવાના આરોપસર કાર્યવાહી કરાઈ છે. મામલે જેલ તંત્રમાં ભારે ખળભળાટ મચ્યો છે.

# ધારીના વિરપુર ગામે સુવરના શિકાર પાછળ દોડેલી સિંહણ કૂવામાં ખાબકી

**વન વિભાગે સિંહણને બહાર કાઢી ધારી એનિમલ કેર ખાતે ખસેડી**

ધારી,તા.૦૭



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના વિરપુર ગામે સુવરના શિકાર પાછળ દોડેલી એક સિંહણ ખુલ્લા કૂવામાં ખાબકતા વન વિભાગ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિરપુર ગામે ભાભલુભાઈ નાગભાઈ ધાખડાની વાડી પાસે આવેલા ખુલ્લા કૂવા નજીક સિંહણે સુવરનો શિકાર કરવા દોડ લગાવી હતી. આ દરમિયાન સુવર સાથે સિંહણ પણ કૂવામાં પડી ગઈ હતી. બનાવની જાણ સ્થાનિકો દ્વારા વન વિભાગને કરવામાં આવતા દલખાણીયા રેંજનો સ્ટાફ તેમજ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. વન વિભાગની ટીમે કૂવામાં પડેલી સિંહણને સલામત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. ત્યારબાદ સિંહણને વધુ સારવાર અને દેખરેખ માટે ધારી એનિમલ કેર ખાતે ખસેડવામાં આવી હતી.

# અમદાવાદમાં નવરાત્રી માટે પોલીસના ૪૪ નિયમો જાહેર: રાત્રે ૧૨ વાગ્યા સુધી જ માઈક વાગશે

અમદાવાદ,તા.૦૭

અમદાવાદમાં નવરાત્રી અને દશેરાની ઉજવણી માટે પોલીસ કમિશનરે ૪૪ નિયમોનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ નિયમો અનુસાર પાર્ટી પ્લોટ, ક્લબ, સોસાયટી અને શેરી ગરબામાં રાત્રે ૧૨ વાગ્યા સુધી જ માઈક કે લાઉડસ્પીકર વગાડી શકાશે. નિયમોમાં ૧૨ પરવાનગી સંબંધિત અને ૩૨ વ્યવસ્થાકીય છે. સાયલન્ટ ઝોન જેવા કે હોસ્પિટલ અને શાળા નજીક માઈક પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

સોસાયટી ગરબા માટે સ્થાનિક iPt અને વ્યાવસાયિક આયોજનો માટે ACP (ટ્રાફિક) મંજૂરી આપશે. સુરક્ષા, ટ્રાફિક અને મહિલાઓની સલામતી માટે દરેક આયોજકે બે મેન્ટર નીમવાના રહેશે, જેઓ પોલીસ સાથે સંકલન સાધીને કામગીરી કરશે. નિયમોના ભંગ બદલ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# ચુડાના કોરડા ગામે પુત્ર મિલકત અન્યના નામે કરી દેશે તેવા ડરથી માતા સહિત ૬ શખ્સોએ હત્યા કરી

સુરેન્દ્રનગર,તા.૦૭



સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના કોરડા ગામે લોહીના સંબંધોને લજવાવતો હત્યાકાંડ પ્રકાશમાં આવ્યો છે. દારૂની કુટેવ ધરાવતો અને લિવ-ઈનમાં રહેતો મહેશ રોજાસરા મિલકત લિવ-ઈન ભાગીદારના નામે કરી દેશે તેવા ડરે માતા મધુબેન સહિત પરિવારના ૬ સભ્યોએ મળી તેનું ગળું દબાવી હત્યા કરી દીધી હતી.

હત્યાને આત્મહત્યામાં ખપાવવા લાશને દોરડાથી લટકાવી પોલીસને જાણ કર્યા વિના જ ચૂપચાપ અંતિમવિધિ પણ કરી દેવાઈ હતી. જોકે, એલસીબી પોલીસે શંકાના આધારે કડક પૂછપરછ કરતાં સમગ્ર કાવતરાનો પર્દાફાશ થયો હતો. પોલીસે માતા, ભાઈ અને કૌટુંબિક સભ્યો સહિત ૬ આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.






# રાજ્યના મહેસૂલી કર્મચારીઓ પડતર માંગણીઓ સાથે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા

ગાંધીનગર,તા.૦૭



રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળના એલાનને પગલે ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી સહિત રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓના નિરાકરણ માટે અચોક્કસ મુદતની હડતાલમાં જોડાયા છે. કર્મચારીઓએ પોતાની ૧૮ જેટલી મુખ્ય માંગણીઓ અંગે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો છે.આ આંદોલનમાં રેવન્યુ તલાટીઓનો જોબ ચાર્ટ, વર્ષ ૨૦૧૨ની બેચની સિનિયોરિટી યાદી તથા પ્રમોશન જેવા મહત્વના પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી છે. હડતાલ દરમિયાન મહેસૂલી કર્મચારીઓએ દૈનિક કામગીરીમાં અસહકાર દર્શાવવાનો નિર્ણય કર્યો છે. તંત્ર અને પ્રજાની સુવિધાને ધ્યાને રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંબંધિત કામગીરી અને ઈમરજન્સી સેવાઓને આ હડતાલમાંથી બાકાત રાખવામાં આવી છે. કર્મચારીઓની આ હડતાળથી સામાન્ય કચેરી કામગીરી પર અસર પહોંચી છે, ત્યારે સરકાર તરફથી સત્વરે યોગ્ય નિર્ણય લેવાય તેવી માંગ ઉઠી છે.


